અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 247, Dt.28-07-2023 (Friday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

સુવિચાર

જે છે જેટલું છે
એમાં ખુશ રહેવું જોઈએ,
કેમ કે જરૂરથી વધારે મળતો
પ્રકાશ પણ માણસને આંધળો
કરી દે છે !!

મુંબઈમાં આફતનો વરસાદઃ અનેક વિસ્તારો જળબંબાકાર : રોડ-રેલ સેવા પ્રભાવીત

હિમાચલના શિમલા અને કિન્નોરમાં ભૂસ્ખલનઃ તેલંગાણામાં એક સપ્તાહમાં ૮ લોકોના મોત

(એજન્સી સમાચાર) મુંબઈ તા.૨૯

દેશના આર્થિક પાટનગર મુંબઈમાં પણ ધમાકેદાર વરસાદ થતા અનેક પરા વિસ્તારોમાં જળબંબાકારની હાલત થઈ છે. રોડ-રેલ સેવા પ્રભાવીત થતાં જનજીવનને વ્યાપક અસર થઈ હતી. મુંબઈમાં બે દિવસથી વરસતા વરસાદનું જોર એકાએક વધી ગયુ હતું. દરીયામાં ઉંચા મોજા ઉછળ્યા હતા. મુંબઈમાં જુલાઈનો વરસાદ રેકોર્ડ તુટયો હોય તેમ અત્યાર સુધીમાં ૧૫૦૦ મીમીથી વધુ પાણી વરસી ગયુ છે ભારે વરસાદને કારણે અનેક ભાગોમાં પાણી ભરાયા હતા રેલવે ટ્રેક પર પાણી ફરી વળતા લોકલ સહીતની ટ્રેનો મોડી થઈ હતી. હવામાન વિભાગે આજ માટે પણ વરસાદી એલર્ટ જાહેર કર્યું હતું. દહીંસર, મીરારોડ, કુર્લા, સાયન અંધેરી સહીતનાં ભાગો જળબંબાકાર બન્યા હતા માર્ગો પર પાણીની વાહન વ્યવહાર અટકાવાયો હતો બંગાળની ખાડીનાં લો-પ્રેસર તથા ટ્રફ સર્જાતા ભારે વરસાદ પડી રહ્યો છે. મુંબઈ ઉપરાંત થાણેમાં પણ ભારે વરસાદથી શાળા કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી. રાયગઢ-રત્નાગીરીમાં ભારે વરસાદનું રેડએલર્ટ જાહેર કરાયું છે.

તેલંગાણા, મહારાષ્ટ્ર સહિત દેશના ૨૧ રાજ્યોમાં શુક્રવારે ભારે વરસાદનું એલર્ટ છે. હિમાચલમાં ભૂસ્ખલનને કારણે નેશનલ હાઈવે-૫ બ્લોક થઈ ગયો છે. શિમલામાં બે જગ્યાએ અને કિન્નૌરમાં એક જગ્યાએ ગઈ-૫ બ્લોક થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં તેલંગાણામાં ૯૭ મીમી એટલે કે લગભગ ૪ ઈંચ અને મહારાષ્ટ્રમાં ૨૭.૮ મીમી વરસાદ નોંધાયો છે. તેલંગાણાના મુલુગુ, જયશંકર ભૂપાલપલ્લી, જનગાંવ, ભદ્રાદ્રી કોઠાગુડેમ, કરીમનગર, હનુમાકોંડા અને વારંગલ જિલ્લાઓ સૌથી વધુ અસરગ્રસ્ત થયા છે. છેલ્લા એક સમાહમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૮ લોકોના મોત થયા છે. રાજ્યમાં આજે તમામ શાળા-કોલેજો બંધ રહેશે. તેલંગાણામાં ગુરુવારે પણ ભારે વરસાદ પડયો હતો, જેના કારણે ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પૂર આવ્યું હતું. ત્યાં, છેલ્લા એક સપ્તાહમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં આઠ લોકોના મોત થયા છે.

બીજી તરફ મહારાષ્ટ્રના મુંબઈ, થાણે, કોલ્હાપુર અને નાગપુર સહિત અનેક શહેરોમાં ગુરુવારે ભારે વરસાદ બાદ રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા.

રાજ્યના નાંદેડમાં અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ૫૦ થી વધુ પરિવારોને સ્થળાંતર કરવું પડ્યું, જ્યારે ૨ લોકોના મોત થયા. મહારાષ્ટ્રમાં NDRF ૧૩ ટીમોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી છે. દિલ્હીમાં યમુનાનું જળસ્તર હજુ પણ ભયજનક નિશાનથી ૨૦૫.૮૩ મીટર ઉપર છે.

હવે દક્ષિણ ગુજરાતમાં આભ ફાટયુંઃ સુરત-નવસારી-ડાંગ પાણી-પાણી

ગુજરાતમાં બે દિવસની રાહત-બાદ ફરી મેઘરાજાની ફરી સટાસટી

ગાંધીનગર.તા.૨૮

ગુજરાતમાં બે દિવસ વરસાદી રાહત બાદ ફરી દક્ષિણ ગુજરાત નિશાન બન્યુ હોય તેમ અતિભારે વરસાદમાં ધમરોળાયું છે અને કેકકેકાણે જળબંબાકારની હાલત સર્જાઈ છે. આ સિવાય મૂંબઈમાં પણ ભારે વરસાદને પગલે અનેક પરા વિસ્તારો પાણી-પાણી થઈ જવા સાથે સડક-રેલ ટ્રાફીકને અસર થતા જનજીવન પ્રભાવીત બન્યુ હતું. દક્ષિણ ગુજરાતનાં સુરત, નવસારી, વલસાડ, ડાંગ, સહીતના જીલ્લાઓમાં મેઘપ્રકોપ હોય તેમ ગઈરાતથી અનરાધાર વરસાદ શરૂ થઈ ગયો હતો અને સવાર સુધીમાં મોટાભાગનાં વિસ્તારો જળબંબાકાર બન્યા હતા.

સુરતના મહુવામાં ૧૨, બારડોલીમાં ૮ ઈંચઃ નવસારીમાં ૬ કલાકમાં ૧૧ ઈંચ ખાબકતા જળ બંબાકાર

સુરતના મહુવામાં ૧૨ ઈંચ વરસાદ ખાબક્યો હતો. બારડોલીમાં ૯, પલસાણા ચોર્યાસીમાં ૬-૬, ઈંચ તથા માંડવીમાં ચાર ઈંચ વરસાદ પડયો હતો. નવસારી શહેર જળબંબાકાર થયુ હતું. છ કલાકમાં ૧૧ ઈંચ પાણી વરસતા નીચાણવાળા ભાગોમાં મકાનો-દુકાનોમાં પાણી ઘૂસ્યા હતા. જલાલપોરમાં આઠ તથા વાંસદામાં પાંચ ઈંચ વરસાદ થયો હતો.વલસાડના કપરડામાં ૮ તથા ઉમરાણામાં સાત ઈંચ વરસાદ થયો હતો.ડાંગ જીલ્લાના સુધીમાં ૮ ઈંચ, આહવા-વઘઈમાં ૬-૬ ઈંચ પાણી પડયુ હતું. તાપીના સોનગઢમાં સાત ઈંચ, વાલોદમાં ૬ ઈંચ વરસાદ હતો. દક્ષિણ ગુજરાતમાં સાર્વત્રીક ભારે વરસાદને પગલે નવસારી-ડાંગમાં અંબીકા પૂર્ણા તથા કાવેરી નદીનાં જળસ્તરમાં મોટો વધારો થયો છે.

નવસારી સુરત હાઈવે પર પાણી ભરાતા લાંબો ટ્રાફીક જામઃ ભૂસ્ખલનથી સાપુતારા માર્ગ બંધ

પૂર્ણા નદીનું જ સપાટી ભયજનકથી એક ફૂટ દુર છે અને તંત્ર એલર્ટ બન્યુ છે. બારડોલીમાં પુર જેવા પાણીમાં ફસાયેલા ૨૪ લોકોને રેસ્કયુ કરાયા હતા ડાંગમાં શિવઘાટ ધોધ પાસે ભૂસ્ખલન થયુ હતું. પરીણામે આહવા-સાપુતારા માર્ગમાં વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. બારડોલીનો અંડરપાસ બંધ કરાયો હતો નવસારી-સુરત-હાઈવે પર પાંચ કીમીનો ટ્રાફીકજામ હતો.પાણી ફરી વળ્યા હતા.સુરત જીલ્લાની શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી. દરમ્યાન હવામાન ખાતાનાં રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે રાજયના ૩૧ જીલ્લાનાં ૧૩૯ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાત સિવાય રાજયના અન્ય ભાગોમાં છુટોછવાયો હળવો, ભારે વરસાદ હતો. આ સાથે રાજયનો ૭૫ ટકાથી વધુ વરસાદ વરસી ગયો છે.સુરત જિલ્લામાં રાત્રે ૧૧ વાગ્યાથી ભારે વરસાદ પડવાનો શરૂ થયો હતો. જિલ્લામાં ભારે વરસાદના પગલે ૩૨ જેટલા રસ્તાઓ પર પાણી ફરી વળતાં બંધ થઈ ગયા છે. જેમાં સૌથી વધુ બારડોલીના ૧૭ રસ્તા બંધ છે. જયારે મહુવાના ૧૦ રસ્તા બંધ છે. આ સાથે પલસાણાના ૪ અને માંડવીનો એક રસ્તો બંધ થઈ ગયો છે. નવસારી શહેર સહિત જિલ્લાને મેઘરાજાએ ધમરોળી નાખ્યો છે.

'સ્ટાર' નિશાન ધરાવતી નોટો કાયદેસર જ છેઃ RBI

કેટલાંક દિવસોથી સોશિયલ મીડિયામાં સ્ટાર નિશાન ધરાવતી નોટો વાઈરલ થઈ રહી છે

મુંબઈ તા.૨૮ :

૫૦૦ રૂપિયાની ચલણી નોટોમાં નંબરની વચ્ચે 'સ્ટાર' નિશાન જોવા મળતા તે બનાવટી હોવાની આશંકા વ્યકત થવા લાગી હતી પરંતુ રીઝર્વ બેન્કે ચોખવટ કરીને એમ કહ્યુ કે આ પ્રકારની 'સ્ટાર' નિશાન ધરાવતી નોટ કાયદેસર અને માન્ય જ છે. કેટલાંક દિવસોથી સોશિયલ મીડિયામાં સ્ટાર નિશાન ધરાવતી નોટો વાઈરલ થઈ રહી છે અને તેની કાયદેસરતા સામે આશંકા વ્યકત થઈ રહી છે. લોકોમાં વધતી અવઢવ અને ચિંતાને દુર કરવા રિઝર્વ બેન્ક દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. આરબીઆઈનાં કથન મુજબ સ્ટાર નિશાન કાળી નોટો ૨૦૦૬ થી ચલણમાં છે અને છાપકામ તથા તેનો ખર્ચ સરળ-સસ્તો કરવાનો તે પાછળનો ઉદેશ છે. રિઝર્વ બેન્કના કહેવા પ્રમાણે છાપકામમાં ક્ષતિ હોય અથવા કોઈ ભૂલને કારણે ઉપયોગ લાયક ન હોય તેવી નોટોના અને બદલવાના હેતુસર આ નોટનો ઉપયોગ કરવામાં આવે છે. નોટના પ્રિકીન્સ તથા સીરીયલ નંબર વચ્ચે સ્ટાર નિશાન મુકવામાં આવે છે. કોઈ નોટ ખોટી છપાતા અથવા ખરાબ થવાના સંજોગોમાં સમાન સીરીયલ નંબરની નોટ સ્ટાર સાથે ચલણમાં મુકવામાં આવે છે.

રાજભવનમાં બેઠકોનો દૌરઃ મંત્રીમંડળને મળ્યાઃ રાજયના પ્રોજેકટ અંગે ચર્ચા કરી

સતત બીજા દિવસે વડાપ્રધાન ગુજરાતમાંઃ મહાત્મા મંદિરમાં સેમીકોન- ઈન્ડીયા ૨૦૨૩ ખુલ્લુ મુકયું

રાજકોટ.તા.૨૮

રાજકોટના આંતરરાષ્ટ્રીય વિમાની મથકનું ગઈકાલે ઉદઘાટન કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાત્રીના ગાંધીનગર પહોંચ્યા હતા અને આજે તેઓએ મહાત્મા ગાંધી મંદિર ખાતે ગુજરાતને સેમીકન્ડકટર ચીપ્સ ઉત્પાદનમાં 'હબ' બનાવવા માટે મહત્વના સેમીકોન ઈન્ડીયા-૨૦૨૩ને ખુલ્લો મુકયો હતો તથા આ માટે પહોંચેલા દેશ-વિદેશના સેમીકન્ડકટર ચીપ્સ ઉત્પાદન તથા રીસર્ચ ડેવલપમેન્ટ સહિતના ક્ષેત્રે જોડાયેલા મહાનુભાવો સાથે સંવાદ પણ કર્યો હતો. વડાપ્રધાન મોદી આજે બપોર બાદ ગાંધીનગર જવા રવાના થયા હતા. ગઈકાલે રાજકોટમાં વડાપ્રધાન મોદીએ નવા વિમાની મથકની મુલાકાત લીધા બાદ તેઓએ રાજકોટમાં એક વિશાળ સભાને સંબોધન કરી હતી અને રાત્રીના રાજભવન ખાતે તેઓએ મંત્રીમંડળના સભ્યો સાથે ભોજન લીધુ હતું અને ગુજરાતના પ્રોજેકટ અંગે પણ ચર્ચા કરી હતી. ગુજરાતમાં દેશની સર્વપ્રથમ સેમીકન્ડકટર ચીપ્સ એસેમ્બલી તથા પેકીંગ પ્લાંટ માટે વડાપ્રધાને અમેરિકાની યાત્રા સમયે યુરોપ કંપની માઈક્રોનને આમંત્રીત કરી હતી તે બાદ હવે ગુજરાત સહિત દેશમાં સેમીકન્ડકટર ચીપ્સના ઉત્પાદનની આગામી સમયની યોજનાઓને વેગ આપવા માટે આ સેમીકોન ઈન્ડીયા ૨૦૨૩ મહત્વની ભૂમિકા ભજવશે.

જનવિશ્વાસ સુધારા બીલમાં ૭૬ કાયદા રદ કરાયા

નાના ગુનામાં જેલસજા નહી લોકસભામાં ખરડો પસાર

ધંધાર્થી લોકોની સરળતા-સુગમતા માટે કદમઃ અનેક જોગવાઈઓ હળવી કરાયાનો ગોચલનો દાવો

નવી દિલ્હી,તા.૨૮

'ઈઝ ઓફ બિઝનેશ' અંતર્ગત વેપારધંધાને સરળ બનાવવા કેન્દ્ર સરકારે જનવિશ્વાસ વિધેયકને બહાલી આપી હતી જેમાં અંતર્ગત હવે નાના ગુનામાં જેલ સજાની જોગવાઈ નાબૂદ કરવામાં આવી છે. જુદા-જુદા ૪૨ કાયદામાં ૧૮૩ જોગવાઈઓમાં જેલસજા રદ કરતો આ સુધારા ખરડો પસાર કરવામાં આવ્યો હતો.

લોકસભામાં સરકારે જનવિશ્વાસ વિધેયક રજુ કર્યુ હતું. આ વખતે વિપક્ષી સભ્યો મણીપુર મુદ્દે વિરોધ કરીને નારેબાજી કરી રહ્યા હતા. ધારાસભ્યો વાતાવરણમાં ટુંકી-સંક્ષિપ્ત ચર્ચા વચ્ચે જ આ વિધેયક પસાર કરી દેવાયુ હતું. ધમાલને કારણે ચર્ચા સાંભળવી પણ શકય ન હતી.

લોકસભાની કાર્યવાહી થોડી મીનીટો જ ચાલી હતી અને તે દરમ્યાન વિપક્ષી સભ્યો પુર્વોતર રાજયની હિંસા વિશે વડાપ્રધાનના નિવેદનની માંગ સાથે ધાંધલધમાલ સર્જાતા રહ્યા હતા. આ ગાળામાં જ વિધેયક પસાર કરાવી દેવાયુ હતું.

આ વિધેયક રજુ કરતા કેન્દ્રના વ્યાપાર તથા ઉદ્યોગ વિભાગના પ્રધાન પિયુષ ગોયલે કહ્યું કે, સંખ્યાબંધ જોગવાઈઓને અપરાધની શ્રેણીમાંથી બહાર કરી દેવામાં આવી હોવાથી વેપારધંધા સરળ બની શકશે. અનેક જોગવાઈઓમાં માત્ર પેનલ્ટી રાખવામાં આવી છે એટલે અદાલતી પ્રક્રિયા કે સજામાંથી મુક્તિ મળશે. અનેક ગુનામાં જેલ સજાની જોગવાઈ પણ નાબૂદ કરવામાં આવી છે. પોસ્ટ ઓફિસ કાયદા ૧૮૯૮ હેઠળના તમામ ગુના નાબુદ કરાયા છે.

તેઓએ કહ્યું કે મોદી સરકારના છેલ્લા ૯ વર્ષના કાર્યકાળ દરમિયાન વેપાર-ધંધાર્થી કે સામાન્ય લોકો માટે મુકેલી સર્જી શકે તેવી અંદાજીત ૪૦૦૦૦ કાયદાકીય જોગવાઈઓ સરળ અથવા રદ કરવામાં આવી છે. જનવિશ્વાસ વિધેયક ૨૦૨૨ ગત ૨૨ ડિસેમ્બર ૨૦૨૨માં લોકસભામાં રજુ થયુ હતું. જે પછી સંયુક્ત સમીતીને મોકલાયુ હતું અને તેના દ્વારા ગત માર્ચમાં લોકસભાને રિપોર્ટ સોંપાયો હતો.

લોકસભામાં પસાર કરાયેલા જનવિશ્વાસ વિધેયકમાં ૭૬ કાયદા હળવા કરી દેવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં મોદી સરકારે ૧૪૮૬ કાયદા હળવા કે નાબૂદ કર્યા છે. નવા વિધેયકમાં ૭૬ કાયદા રદ કરવાની દરખાસ્ત છે. આ બીલ સંસદમાં પસાર થયા બાદ સંખ્યા ૧૫૬૨ થશે. આ તકે કાયદાપ્રધાન અર્જુનરામ મેઘવાલે એવી ટકોર કરી હતી કે યુપીએ શાસનમાં એકપણ બીનજરૂરી કાયદા રદ થયા નથી.

છેલ્લાં ૫ વર્ષમાં ૩૨ હજાર વિદ્યાર્થીઓએ અધવચ્ચે જ શિક્ષણ છોડયું

આઈઆઈટી, એનઆઈટી, આઈઆઈએમ જેવી સંસ્થાઓમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓનો સમાવેશ છે

નવી દિલ્હી,તા. ૨૮ :

દેશમાં ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ લીધા બાદ અધવચ્ચે જ અભ્યાસ છોડીને બહાર નીકળનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. છેલ્લાં પાંચ વર્ષના આંકડા જોતાં ૨૦૧૯ થી ૨૦૨૩ સુધી શિક્ષણ મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલ આંકડા ખરેખર આર્ચ્કારણ અને ચિંતાજનક છે. આ આંકડાઓ મુજબ છેલ્લાં પાંચ વર્ષમાં લગભગ ૩૨ હજાર વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસ અધવચ્ચે જ છોડ્યો છે. એક મીડિયા રિપોર્ટ મુજબ અત્યાર સુધી દેશની જાણીતી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યસ કરનારા ૩૨ હજારથી વધુ વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસ અધવચ્ચે જ છોડ્યો છે. જેમાં આઈઆઈટી, એનઆઈટી, આઈઆઈએમ જેવી સંસ્થાઓમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓનો સમાવેશ છે. રાજયસભાના શિક્ષણ વિભાગના કહેવા મુજબ અડધાથી વધારે વિદ્યાર્થીઓ અનુસૂચિત જાતી, અનુસૂચિત જનજાતી અને ઓબીસી વર્ગના છે.

રાજયસભામાં સંસદમાં રજૂ કરવામાં આવેલ ડેટા પ્રમાણે કહેવામાં આવ્યું છે કે, આ આંકડાઓમાં પોસ્ટ ગ્રેજયુએટ અને પીએચડી કરનારા વિદ્યાર્થીઓ છે. કેન્દ્રિય શિક્ષણ રાજય પ્રધાન સુભાષ સરકારે એક પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું હતું કે, સૌથી વધુ ૧૭,૪૫૪ વિદ્યાર્થીઓ કેન્દ્રિય વિદ્યાપીઠના છે. જયારે IIT ના ૮,૧૩૯ વિદ્યાર્થી અને NIT ના ૫,૬૨૩ વિદ્યાર્થીઓ છે.

ઉપરાંત IISER ના ૧,૦૪૬ વિદ્યાર્થી અને IIM ના ૮૫૮, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન ટેક્નોલોજીના ૮૦૩, સ્કૂલ ઓફ પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચરના ૧૧૨ વિદ્યાર્થીઓનો સમાવેશ છે.

રજૂ કરવામાં આવેલ આંકડાઓ મુજબ અનુસૂચિત જાતીના ૪,૪૨૩ વિદ્યાર્થીઓ, અનુસૂચિત જનજાતીના ૩,૭૭૪ વિદ્યાર્થી અને ઓબીસીના ૮,૬૦૨ વિદ્યાર્થીઓએ તેમનો અભ્યાસ અધવચ્ચે જ છોડ્યો છે. આ સંખ્યા અધવચ્ચે અભ્યાસ છોડનારા વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના ૫૨ ટકા જેટલી છે. અહીં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે આમાંથી ઘણાં વિદ્યાર્થીઓ એવા હતાં જેમણે ખોટું ફિલ્ડ પસંદ કર્યું હતું અને તેમા અપેક્ષિત પરિણામ આપી શક્યા નહતાં. તો ઘણાં એ મેડિકલ કન્ડીશનને કારણે તો ઘણાંને વ્યક્તિગત કારણોસર અભ્યાસ છોડવાની ફરજ પડી છે.

પંજાબ સરકાર નવી યોજના લાવશે

માર્ગ અકસ્માતમાં પીડિતોનો જીવ બચાવનારને મળશે ૫ હજાર રૂપિયા

ચંદીગઢ.તા.૨૮

પંજાબ સરકાર માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોનો જીવ બચાવવા લોકોને પ્રોત્સાહિત કરવા માટે એક નવી યોજના લઈને આવી રહી છે. આ યોજના માત્ર પીડિતોને તાત્કાલિક મદદ પૂરી પાડવા માટે જ અસરકારક નથી, પરંતુ આ હેઠળ, જીવન બચાવવા માટે જોખમ ઉઠાવનારા લોકોને રાજ્ય સરકાર દ્વારા પાંચ હજાર રૂપિયાનું ઈનામ પણ આપવામાં આવશે. આ સાથે હોસ્પિટલના ડોક્ટર અથવા પોલીસ દ્વારા વધુ સારી સેવાનું પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

પરિવહન મંત્રી લાલજીત સિંહ ભુલ્લર અને સ્વાસ્થ્ય મંત્રી ડો. બલબીર સિંહની અધ્યક્ષતામાં પંજાબ સ્ટેટ રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક દરમિયાન માર્ગ અકસ્માતમાં જીવ બચાવનારાઓને સન્માનિત કરવાની યોજનાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે આ યોજના હેઠળ, હોસ્પિટલના ડોક્ટર અથવા પોલીસ દ્વારા મદદગાર વ્યક્તિને એક સારું સમરિટન પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

આ સાથે, તે ડેપ્યુટી કમિશનરની ઓફિસમાંથી આ ઈનામની રકમ એકત્ર કરવા માટે પાત્ર માનવામાં આવશે. પંજાબ રાજ્ય માર્ગ સુરક્ષા પરિષદના અધ્યક્ષ લાલજીત સિંહ ભુલ્લરે જણાવ્યું હતું કે આ યોજના માર્ગ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોના જીવ બચાવવાની પ્રક્રિયાને વેગ આપશે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય રોકડ ઈનામો અને પ્રમાણપત્રો આપીને સામાન્ય લોકોનું મનોબળ વધારવાનો છે જેથી તેઓ ઈમરજન્સીમાં માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોને મદદ કરવા માટે ઉત્સાહિત થઈ શકે.

રામકૃષ્ણ આશ્રમમાં રાષ્ટ્રીય યુવા સંમેલન યોજાયું

મારા જીવનમાં આવેલી મુશ્કેલીનો સામનો કરવાની પ્રેરણા સ્વામીજીમાંથી મળી : પદ્મશ્રી ડો. અરૂણિમા સિંહા : વિવિધ વક્તાઓએ યુવાનોની સમસ્યાઓના ઉકેલ સૂચવ્યા



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ, તા. ૨૮

શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ દ્વારા તારીખ ૨૩ જુલાઈ ૨૦૨૩ રવિવારના રોજ રાષ્ટ્રીય યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારના આઠ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી રામકૃષ્ણ આશ્રમના વિવેક હોલમાં યોજાયેલા આ યુવા સંમેલનમાં સોળથી ત્રીસ વર્ષની વયના યુવાન યુવતીઓ ભારે વરસાદ હોવા છતાં ગામે ગામથી જોડાયા હતા. કાર્યક્રમનો પ્રારંભ સ્વામીજીઓના મંત્રોચ્ચાર અને મહાનુભાવોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા થયો હતો.

આ સંમેલનના મુખ્ય વક્તા એવરેસ્ટ સર કરનારી પ્રથમ દિવ્યાંગ મહિલા પર્વતારોહક અને તેનઝિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ અને પદ્મશ્રી સન્માનિત ડો.અરુણિમા સિંહાએ પોતાના વક્તવ્યમાં મુસીબતનો સામનો કરવાની પ્રેરણા તેમને સ્વામી વિવેકાનંદજીના વાંદરા સાથેના પ્રસંગને યાદ કરતા કહ્યું હતું કે, જ્યારે એક વખત સ્વામીજીની પાછળ વાંદરાઓ પડ્યા અને તેમણે લાકડીથી એમનો સામનો કર્યો અને વાંદરાઓ તરત ભાગી ગયા. એ પ્રસંગે મને પણ ખૂબ પ્રેરણા આપી છે. બે વર્ષ પહેલાં મારા જીવનમાં અનેક મુશ્કેલીઓ આવી ત્યારે મેં એ મુશ્કેલીઓનો એ જ રીતે સામનો કર્યો અને ખરેખર એ મુશ્કેલીઓ દૂર થઈ ગઈ. માઉન્ટ એવરેસ્ટ પર જ્યારે હું ચડી ત્યારે મારી સાથેના શેરપાએ પણ કહ્યું હતું કે હવે આપણે આગળ વધવાની જીદ પડતી મૂકીને પાછા વળી જવું જોઈએ. પણ મારી એવી ઈચ્છા હતી કે મારું ગમે તે થાય મારે શિખરે પહોંચવું છે અને મારી વિડીયો મારા દેશવાસીઓ સુધી પહોંચાડવી છે. અને સંદેશ આપવો છે કે તમે પણ આ પ્રકારે સિદ્ધિ મેળવી શકો છો.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા રાજકોટના મેયર ડો.પ્રદીપભાઈ ડવે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, સ્વામી વિવેકાનંદના ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો એક સૂત્ર વડે યુવાન યુવતીઓ પોતપોતાના લક્ષ્ય સાધી શકે છે. પોતાના કાર્ય દ્વારા સમાજને કે દેશને શું ફાયદો થશે એ વિચારવું જોઈએ.

અત્યારે ટેકનોલોજી હરણફાળ ભરી રહી છે ત્યારે યુવાનો સોશિયલ મીડિયામાં છવાઈ જવા માટે થઈને ખતરનાક ખેલ કરતા અચકાતા નથી તેના તરફ તેમણે લાલબત્તી દર્શાવી હતી. માટે ઈન્સ્ટાગ્રામના રિલ્સ બનાવવા માટે યુવાનો વાહનો પર, ડેમ સાઈટ પર કે બ્રીજની રેલીંગ પર ચડીને વિવિધ પ્રકારના સ્ટંટ કરે તે યોગ્ય નથી. માતા-પિતાએ પણ આ બાબતે કાળજી લેવી જોઈએ. બે દિવસ પહેલા અમદાવાદમાં બનેલા ગમખ્વાર અકસ્માતનું ઉદાહરણ આપતા તેમણે ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે સાવચેત રહેવાની પણ તેમણે શીખ આપી હતી. પોતાના લક્ષ્ય વિશે વાત કરતા એમણે જણાવ્યું હતું કે, આઠમા ધોરણમાં હતો ત્યારે રેસકોર્સ રીંગ રોડ પર મેયર બંગલો જોઈ મારે પણ આ બંગલામાં એક વખત રહેવું છે એવું સ્વપન સેવ્યું હતું. તેના માટે અથાગ પરિશ્રમ પણ કર્યો હતો અને આખરે એ મેયર પદ પણ મેળવ્યું. એવી જ રીતે યુવાનો પણ પોતાનું લક્ષ્ય પાર પાડી શકે છે.

રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે તમારી સંગત કેવી છે, તમે કોની સાથે હરો ફરો છો એ ખૂબ મહત્વનું છે. એટલે બધાએ પોતાના મિત્રો, ખાણીપીણી વગેરે કોના સંગે કરીએ છીએ એ પણ ખ્યાલ રાખવો જોઈએ.યુવાનોએ સ્વામી વિવેકાનંદ, સરદાર વલ્લભભાઈ પટેલ, ગાંધીજી, રામકૃષ્ણ પરમહંસ જેવા મહાનુભાવોના જીવનમાંથી ઉપયોગી ભાથું મેળવી પોતાના જીવનનું ઘડતર કરવું જોઈએ.

વડોદરા સ્થિત વિખ્યાત યુવા કાઉન્સિલર ડો. જયેશ શાહે યુવાનોની સમસ્યાઓ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, અત્યારે યુવાનોને મ્યુઝિક, ફૂડ, ઈન્કમ, લવ બ્રેકઅપ બધું જ ફાસ્ટ જોઈએ છે. પણ તેમનું મન કામ કરવામાં કે અભ્યાસમાં ધીમું થયું છે. મનને અને તનને ફાસ્ટ કરવાનું ભૂલી ગયા છે. યુવાનની વ્યાખ્યા આપતા તેમણે કહ્યું હતું કે, યુ એટલે યુયુત્સુ લડવાની ઈચ્છાવાળા, વ એટલે વાન્ગમયપ્રિય, અને ન એટલે નમ્રતા પૂર્ણ આવા યુવાન જ્યારે સમાજમાં હોય ત્યારે ચોક્કસ પ્રગતિ થાય. ભારતનો યુવાન જ ચમત્કાર કરશે.કારણકે, ૩૫ વર્ષથી ઓછી વયના ૭૦ કરોડ યુવાન છે.

જીનીવા સ્વીટઝરલેન્ડની વેદાંત સોસાયટીના સ્પીરીચ્યુઅલ ડાયરેક્ટર (સૂચિત) સ્વામી વેદનિષ્ઠાનંદજી જણાવ્યું હતું કે સ્વામીજીનો સંદેશ એ હતો કે પહેલા પોતાની શક્તિઓને પીછાણો. અને જીવનમાં આગળ વધો એક લક્ષ્ય પસંદ કરો અને પછી તેને પાર પાડવા માટે મંડ્યા રહો. માત્ર સ્વાર્થ માટે નહીં પરંતુ અન્ય માટે જીવો. જેઓ બીજા માટે જીવે છે તે જ માત્ર જીવતાં છે.

રામકૃષ્ણ મિશન જબલપુરના સચિવ (સૂચિત) સ્વામી નિર્વિકલ્પાનંદજીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, યુવાનો માટે શિસ્ત ખુબ મહત્વની છે. જે કાર્ય કરો તે શિસ્તબદ્ધતા સાથે થવું જોઈએ. ઓસ્ટ્રેલિયાના દસ સૌથી ઊંચા શિખરો સર કરનારી સૌથી યુવાન ભારતીય યુવતી સાચી સોનીએ ધ્યાન કરવા પર ભાર મૂક્યો હતો અને યુવાનોને એકાગ્રતા કેળવવા માટે વધુમાં વધુ ધ્યાન કરવું જોઈએ તેઓ સંદેશ આપ્યો હતો. રામકૃષ્ણ આશ્રમ રાજકોટના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજીએ કાર્યક્રમના પ્રારંભમાં સ્વાગત પ્રવચન આપ્યું હતું. અને કાર્યક્રમના અંતમાં યુવાનોને સ્વામી વિવેકાનંદના પુસ્તકો વાંચવાથી જીવનમાંથી નેગેટિવિટી દૂર થશે એમ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સમગ્ર સેમીનાર રામકૃષ્ણ આશ્રમની યુ ટ્યુબ ચેનલ પર ઉપલબ્ધ છે.

આવતીકાલે યુવા એડવોકેટ એન્ડ નોટરી હરેશ બી.પરસોંડાની નવી ઓફીસનુ ઉદ્ઘાટન

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ, તા, ૨૮

વકીલાતને ૨૨ વર્ષ પુર્ણ થતા વ્યવસાયીક કારકીદીમાં સહયોગ આપનાર તમામ મહાનુભવોનો આભાર વ્યક્ત કરેલ. રાજકોટના યુવા ધારાશાસ્ત્રી હરેશ બી. પરસોંડા રાજકોટ શહેર ખાતે છેલ્લા ૨૨ વર્ષથી વકીલાતના વ્યવસાયમાં જોડાયેલ છે તેઓ વર્ષ ૨૦૦૧માં રાજકોટ ખાતે વકીલાતના વ્યવસાયમાં શરૂઆત કરેલી અને વકીલાતના વ્યવસાયમાં કંઈક શીખવાની ભાવના સાથે શરૂઆતથી રાજકોટ બાર એસોશીએશનના તમામ સીનીયર્સ એડવોકેટ પાસેથી માર્ગદર્શન મેળવી તથા જુનીયર એડવોકેટો સાથે રહી પોતાની રીતે મહેનત કરી પોતાની કારકીંદી બનાવેલી છે. તેમજ ભારત સરકાર ધ્વારા નોટરી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

એડવોકેટ હરેશ બી.પરસોંડા રાજકોટ ખાતે ફોજદારી તેમજ સીવીલરાહે વકીલાત કરી ખુબ સારી નામના મેળવેલ છે. તેમજ સમાજમાં જુદા જુદા ક્ષેત્રમાં સેવાકીય પ્રવૃતિ સાથે અલગ અલગ સંસ્થામાં જોડાયેલ છે. જેમા બજરંગવાડી વેપારી એસોશીએશનના પ્રમુખ તરીકે આઠ વર્ષ સેવા આપેલ તથા હાલમાં કાર્યકારી પ્રમુખ તરીકે સેવા આપે છે.

રાજકોટ બાર એસોશીએશનમાં પુર્વ જોઈન્ટ સેક્રેટરી રહી ચુકેલ છે અને ભા.જ.પ. વોર્ડ નં. ૨ ના ઉપપમુખ તરીકે હાલમાં સેવા આપે છે. રાજકોટ જિલ્લા ભા.જ.પ. લીગલ સેલના હોદેદાર તરીકે અને રાજકોટ જિલ્લા હયુમન રાઈટના જોઈન્ટ સેક્રેટરી અને લોયર્સ સ્પોટર્સ ફાઉન્ડેશન નામની વકીલો માટે રમત ગમત અંગેની સંસ્થામાં છેલા ૧૫-વર્ષથી ટ્રેઝરર તરીકે સેવા આપે છે અને સ્વ. શૈલેષ પરસોંડા મેમોરીયલ ટ્રસ્ટ હેઠળ બ્લડ ડોનેશન કેમ્પ તથા ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન કરે છે.

રાજકોટ ચુંવાળીયા કોળી સમાજમા સાંસ્કૃતી કાર્યક્રમ રૂપે સ્પંદન રાસઉત્સવના નામે સમાજના ભાઈ-બહેનો માટે દાંડીયારાસનુ દર વર્ષે આયોજન કરે છે અને રાજકોટ ખાતે ચુંવાળીયા ઠાકોર બોર્ડીંગ સંસ્થામાં કારોબારી સભ્ય તરીકે તેમજ પુર્વ ઉપપ્રમુખ પદે તથા સંતશ્રી વેલનાથ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટમાં મંત્રી પદે તથા ગુજરાત ચુંવાળીયા કોળી ઠાકોર-સમાજ માં સંગઠન મંત્રી તરીકે સેવા આપી રહયા છે. ગુજરાત સરકાર દ્વારા જિલ્લા કાનુની સેવા મંડળ દ્વારા સંચાલીત મીડીએશન સેન્ટરમાં હાલ મીડીએટર તરીકે સેવા આપે છે. તેમજ અનેક નામાંકીત કંપનીઓમાં એડવોકેટ તરીકે રોકાયેલા છે.

આજે તેઓની નવી ઓફીસના ઉદઘાટન પ્રસંગે તેઓના વકીલાતની કારકીંદીના ૨૨-વર્ષ પુર્ણ થયેલ હોય તે કારકીંદીમાં જે લોકોએ તેમને સાથ સહકાર અને સહયોગ આપેલ તેવા રાજકોટ બાર એસોશીએશનના તમામ સીનીયર તથા જુનીયર એડવોકેટઓ, રાજકોટ કોર્ટ સ્ટાફના સભ્યો, કોળી સમાજના આગેવાનો તથા રાજકીય મહાનુભાવો તેમના તમામ અસીલો તથા મીત્રવર્તુળ અને રાજકોટ કોર્ટના એ.જી.પી. તથા એ.પી.પી. તથા તેમની માતૃ સંસ્થા લોયર્સ સ્પોર્ટ ફાઉન્ડેશનના તમામ હોદેદારો તથા રાજકોટ બાર એસોશીએશનના તમામ હોદેદારો અને પરસોંડા એસોશીએટસના તમામ જુનીયરોનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરેલ છે. આ શુભ પ્રસંગે તેઓ હૃદયપુર્વક પોતાના ભાઈ સ્વ. શૈલેષ પરસોંડાને યાદ કરી તેમની ઈચ્છા મુજબ તેઓના પુત્ર જેનીલ પરસોંડાને વકીલાતના વ્યવસાયમાં લાવી તેમનુ અધુરૂ સ્વપન પુર્ણ કરવાની અને વકીલાતના વ્યવસાયમાં તેઓની એક અધ્યતન ઓફીસ બનાવવાનુ સ્વપન પુરૂ કરવાના તેઓના પ્રયત્નથી તેઓના સ્વ. ભાઈ શૈલેષ પરસોંડાને ભાવપુર્ણ શ્રધ્ધાંજલી આપે છે.

આજરોજ એડવોકેટ હરેશ બી. પરસોડાના સુપુત્ર પ્રભાત એચ. પરસોંડાનો જન્મ દિવસ હોય જેથી તેઓને શુભેચ્છા આપવા આ શુભ પ્રસંગે તમામ મહાનુભાવો ઉપસ્થીત રહી આ કાર્યક્રમની શોભા વધારશે અને તેઓના મોબાઈલ ૯૮૨૪૪ ૦૯૯૫૨ ઉપર શુભેચ્છા પાઠવી રહયા છે.પરસોંડા એસોસીએટસના તમામ સભ્યોએ ખુબજ ખંત અને મહેનત કરી ટીમ વર્કથી આ એસોસીએટસ ને સફળતા અપાવેલી છે. તે તમામ સભ્યોનો હૃદયપુર્વક આભાર વ્યક્ત કરે છે. તેઓની નવી ઓફીસ આર.કે. વર્લ્ડ ટાવર, ઓફીસ નં. ૯૦૨, નવમાં માળે, શીતલ પાર્ક બસસ્ટોપ સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે સાંજે ૫:૦૦ થી ૯:૦૦ ઉદઘાટન રખાયું હોવાનું જણાવ્યું છે.

ક્રાઈસ્ટ કેમ્પસમા સ્કિલ ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન-માર્ગદર્શન આપતા બાલાજી વેફર્સના એમ.ડી. ચંદુભાઈ વિરાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ, તા.૨૮

ક્રાઈસ્ટ કેમ્પસ મુંજકામા ક્રાઈસ્ટ પોલિટેક્નિક ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓને ભારત સરકારના સ્કિલ ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ પ્રોત્સાહન અને ઈન્ડસ્ટ્રીઅલ ટ્રેનિંગના માર્ગદર્શન આપવા માટે સ્ટુડન્ટ ઓરિએન્ટેશન અને ઈનડકશનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમા મુખ્ય અતિથિ તરીકે બાલાજી વેફર્સના ફાઉન્ડર અને મેનેજીંગ ડાઈરેકટર ચંદુભાઈ વિરાણી ઉપસ્થિત રહ્યા હતા. ક્રાઈસ્ટ કેમ્પસના ડાઈરેક્ટર ફાધર જોમોન થોમનના દ્વારા તેમનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

ચંદુભાઈ દ્વારા વિદ્યાર્થીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તેમણે બાલાજી વેફર્સના સફળતા માટે કઈ રીતે મેહનત કરી હતી તેનો કિસ્સો બતાવ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને કીધું હતું કે જીવનમા ઊંચ નીચ તો થતા રહેશે પણ એક વિઝન રાહતું કે જીવનમા પ્રામાણિકતા અને સારા કે મૂલ્યનું પણ ખુબજ મહત્વ હોય છે. તેમણે વિદ્યાર્થી મિત્રો સાથે ઈન્ટરેકશન પણ કર્યું હતું. ક્રાઈસ્ટ કોલેજના તમામ વિદ્યાર્થી અને સ્ટાફ આવા સારા વ્યક્તિત્વ દ્વારા માર્ગદર્શન મેળવીને ખુબજ ખુશ અને પ્રોત્સાહિત થયા હતા.

ક્રાઈસ્ટ કેમ્પસના ડાઈરેક્ટર ફાધર જોમોન થોમનના દ્વારા ચંદુભાઈ વિરાણીનું સન્માન કરવામાં આવ્યું હતું અને ક્રાઈસ્ટ કેમ્પસમા અવારનવાર આવા સારા કાર્યક્રમનું આયોજન થતું રહેશે તેવું જણાવવામાં આવ્યું હતું.

નેશનલ યુથ પ્રોજેક્ટ દ્વારા નિઃસંતાન દંપતીઓ માટે નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ, તા. ૨૮

નેશનલ યૂથ પ્રોજેક્ટ દ્વારા નિઃસંતાન દંપતી માટે નિઃશુલ્ક મેગા આયુર્વેદિક કેમ્પનું આયોજન દર મહિનાના ત્રીજા શનિવારે, સવારે ૧૦ થી ૧૨, ૧૧૩ મારૂતિનંદન કોમ્પ્લેક્સ, પહેલા માળે ગેલેક્સી હોટેલ સામે જવાહર રોડ, રાજકોટ ખાતે રાજેશ જે ભાતેલીયા ના માર્ગદર્શન હેઠળ કરાયો છે.

કેમ્પને સફળ બનાવવા દર્શિત ભાતેલીયા, સરયુ તન્ના, વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. કેમ્પમાં ૨૪ વર્ષના અનુભવી નિવૃત મેડીકલ ઓફિસર ડો. પી.જી. પંડ્યા વિનામુલ્યે માર્ગદર્શન આપશે. આ મેગા કેમ્પને સફળ બનાવવા અમીત ચૌહાણ વિગેરે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

ત્રણ વર્ષ નવી શિક્ષણ નીતિના અંતર્ગત પોરબંદર ખાતે પ્રેસ પરિષદ યોજાઈ

ભારતને વિકસિત દેશ બનાવવા નવી શિક્ષણ નીતિ ખૂબ ઉપયોગી બનશે : ક્રિએટિવિટી, કૌશલ્ય, કોમ્યુનિકેશન સ્કીલ, આત્મ દિશા, કેરિયર ગાઈડન્સ સહિત વિદ્યાર્થી વિકાસમાં ખુબ ઉપયોગી બનશે વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે વધુ આત્મીયતા કેળવાશે : વડાપ્રધાનના શ્રેષ્ઠ ભારત, સમર્થ ભારતના સંકલ્પને આ નીતિ સાર્થક કરાવશે

વડોદરા, તા.૨૮

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ત્રણ વર્ષ પૂર્ણ થવાના અવસરને ધ્યાનમાં રાખીને પોરબંદર કેન્દ્રીય વિદ્યાલય ખાતે પ્રેસ પરિષદ યોજાઈ હતી. કેન્દ્રીય વિદ્યાલયના આચાર્ય તથા જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યએ નવી શિક્ષણ નીતિ વિશે મીડિયાના મિત્રો સાથે વાર્તાલાપ કર્યો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ પણ નવી શિક્ષણ નીતિ વિશે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા.

કેન્દ્રીય વિદ્યાલય જુનાગઢના આચાર્ય પવન સુથાર અને જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યશ્રી આર. કુમાવતે મીડિયાના મિત્રોને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શ્રેષ્ઠ ભારત, સમર્થ ભારતના સંકલ્પને આ નીતિ સાર્થક કરાવશે. નવી શિક્ષણ નીતિ વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીમાંથી મુક્તિ અપાવી વિદ્યાર્થીઓ ક્રિએટિવ દિમાગે અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે અને છેલ્લા ૩ વર્ષમા આ નીતિના હકારાત્મક પરિણામો મળી રહ્યા છે.

વર્ષ-૨૦૩૦ સુધીમાં ધો-૧ થી ૧૦માં ૧૦૦ ટકા નામાંકન થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. હાલમાં ૧૦+૨+૩ મુજબ શૈક્ષણિક માળખાનું વર્ગીકરણ છે. તેને હવે ૫+૩+૩+૪ મુજબ અમલી બનાવવામાં આવ્યું છે. ઉપરાંત શાળાના વાતાવરણમા બાળકો સરળતાથી ભળી જાય તે માટે તેમને ત્રણ વર્ષ થયાથી બાલ વાટિકામાં

પ્રવેશ આપવામાં આવશે. આમ, બાળક ૬ વર્ષનું થયા પછી ધો-૧માં પ્રવેશ આપવામાં આવશે.

વિદ્યાર્થીઓ, ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત કરે, વાર્તા અન્ય શૈક્ષણિક ઉપકરણોનો મહત્તમ ઉપયોગ, ટેકનિકલ શિક્ષણ આપવાની સાથે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા વધે તે માટે આ નીતિ મહત્વની છે. ઉપરાંત વિદ્યાર્થીઓ પોતાની રૂચી મુજબના વિષયોનો અભ્યાસ કરી શકે તેની પણ છૂટ આપવામાં આવી છે. ભવિષ્યમાં જે ક્ષેત્રમાં તક રહેલી છે, તેવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વગેરે જેવી બાબતોના કૌશલ્યો વિદ્યાર્થીઓ શીખી શકે તેને આ શિક્ષણનીતિ હેઠળ વણી લેવામાં આવ્યાં છે.

આમ, નવી શિક્ષણ નીતિમાં કૌશલ્યવર્ધન પર ભાર આપવામાં આવ્યો છે. ડિગ્રીને મહત્વ નહીં પરંતુ સ્કિલ એટલે કે આવડત પર ભાર મૂકવામાં આવ્યું છે. જેથી બેરોજગારીની સમસ્યા પણ હલ થશે. ઉપરાંત વિદ્યાર્થીઓ હિન્દી, અંગ્રેજી અને સ્થાનિક ભાષામાં પણ શિક્ષણ મેળવી શકશે.

હાલમાં નવી શિક્ષણ નીતિને કેન્દ્રીય વિદ્યાલયો અને નવોદય વિદ્યાલયમાં લાગુ કરવામાં આવી છે. જેને તબક્કાવાર રાજ્યસ્તરે પણ લાગુ કરવામાં આવશે. જો કે, નવી શિક્ષણ નીતિની અમુક બાબતોની અમલવારી થઈ ચૂકી છે. તેમ મીડિયાના મિત્રોને જાણકારી આપતા કેન્દ્રીય વિદ્યાલયના આચાર્ય શ્રી પવનકુમાર સુથાર અને નવોદય વિદ્યાલયના આચાર્ય શ્રી આર. કુમાવતે ઉમેર્યું હતું. જવાહર નવોદય વિદ્યાલય ખાતે ધો.૮ મા અભ્યાસ કરતા વિદ્યાર્થી ઈન્દ્રજીત અને ધો. ૧૨ મા અભ્યાસ કરતી વિદ્યાર્થિની દિપા રાવે નવી શિક્ષણ નીતિથી અભ્યાસમાં આવેલા બદલાવ અને વિદ્યાર્થીઓના વિકાસમાં તેના ફાયદાઓ જણાવ્યા હતા.

આ સાથે કેન્દ્રીય વિદ્યાલય પોરબંદરના ઈન્ચાર્જ આચાર્ય નિતિકા ભારદ્વાજ, શિક્ષક ડો. દેવિલા મહેતા, માધુરી બેન, શોભા પંચાલ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી લેખ

લોકો સ્વૈચ્છાએ બ્લડ ડોનેટ કરશે તો બ્લડ બેન્કમાં પર્યાપ્ત માત્રામાં બ્લડ ઉપલબ્ધ રહેશે...

આજે દુનિયા ટેકનોલોજીની બાબતમાં ખૂબ જ આગળ નીકળી ગઈ છે. મેડિસીનની બાબતમાં પણ ઘણા-બધા સંશોધનો થયા અને નવી નવી ટેકનોલોજીનો વિકાસ થયો છે. અદ્યતન સાધનોની મદદથી ઝડપી અને ખૂબ જ સારી રીતે સારવાર કરી શકાય છે. આ બધુ હોવા છતાં પણ હજુ સુધી કૃત્રિમ રીતે લોહી બની શક્યું નથી. એના માટે ઘણા બધા પ્રયત્નો થયા છે પણ હજુ સુધી તેમાં સફળતા મળી નથી. તેના માટેના તમામ પ્રયત્નો વ્યર્થ સાબિત થયા છે. લોહી એ ફક્ત અને ફક્ત કોઈ રક્તદાતા પાસેથી જ મેળવી શકાય છે અને આ કારણથી જ લોહીની ખૂબ જ અછત ઊભી થાય છે. લોકો સ્વૈચ્છાએ બ્લડ ડોનેટ કરશે તો બ્લડ બેન્કમાં પર્યાપ્ત માત્રામાં બ્લડ ઉપલબ્ધ રહેશે, જેનાથી જરૂર પડવા પર દર્દીને સરળતાથી બ્લડ મળી શકે. રક્તદાન કરવાથી કેટલાય લોકોને નવું જીવન આપી શકાય છે. દેશ-દુનિયામાં કેટલાય લોકો દરરોજ લોહીની ઉણપથી મૃત્યુ પામે છે. આ દિવસની ઉજવણીથી લોકોને સમજાવી શકાય છે કે રક્તદાન કેટલું જરૂરી છે. સામાન્ય રીતે લોકો બીજાની મદદ કરવાના હેતુથી રક્તદાન કરતા હોય છે અને તેમનું એક વખતમાં કરેલું રક્તદાન એ ૩ અન્ય લોકોનો જીવ બચાવી શકે છે. એક સર્વે અનુસાર મોટા ભાગના લોકો જેમણે રક્તદાન નથી કર્યું હોતું તેમનો રક્તદાન અંગે અભિપ્રાય એવો હોય છે એમને ક્યારેય રક્તદાન વિશે વિચાર્યું જ નથી હોતું. આનો મતલબ એ કે સમાજમાં હજુ પણ રક્તદાન અંગે જાગૃતિનો અભાવ છે. જો સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં આવે અને લોકોને રક્તદાન અને તેની જરૂરિયાત તથા તેનાથી થતા ફાયદા વિશે સમજાવવામાં આવે તો એનાથી સમાજને ખૂબ જ મોટો ફાયદો થઈ શકે છે. આ બાબતે યુવાનોનું ધ્યાન કેન્દ્રિત કરવાની તાતી જરૂરિયાત છે, કારણ કે યુવાનો રક્તદાન માટે સક્ષમ હોય છે પણ જાગૃતતાના અભાવે યુવાનોને રક્તદાન માટે પ્રેરી શકાતા નથી. હાલમાં જુદી-જુદી બ્લડ બેન્ક દ્વારા કોલેજો અને મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં રક્તદાન શિબિર યોજી યુવાનોને રક્તદાન માટે પ્રેરિત કરવામાં આવે છે. જે ખૂબ જ આવકારદાયક પગલું છે. જે લોકો રક્તદાન કરવા માંગતા હોય તેમના લોહીનો સૌ પ્રથમ ટેસ્ટ કરવામાં આવે છે કારણ કે એ લોહી સુરક્ષિત છે કે નહીં તે ખૂબ જ અગત્યની બાબત છે. રક્તદાન માટે મોટેભાગે શિબિરો યોજવામાં આવે છે અથવા બ્લડ બેન્કમાં જઈને રક્તદાન કરાતું હોય છે. આ સંજોગોમાં રક્તદાન શિબિરમાં સલામત રક્તદાન અંગેની પૂરતી વ્યવસ્થા કરવી જરૂરી છે. કેમ કે, કેટલીક વખત રક્તદાતા બિનસલામત સોય કે તેવા કોઈ કારણથી ચેપી રોગનો ભોગ બની શકે છે. જો કે હવેના સમયમાં જાગૃતિનો ફેલાવો થતાં આવા કિસ્સા ખૂબ જ ઘટી ગયા છે. સમાજમાં કોઈ વિશિષ્ટ દિવસ, જન્મ દિવસ અથવા પ્રસંગની ઉજવણી પણ રક્તદાન શિબિર દ્વારા કરવાનું ચલણ વધ્યુ છે. જે ખૂબ જ આવકાર્ય છે. આમ છતાં પણ સૌના સહિયારા પ્રયાસો હજુ ઓછા પડે છે. જેમાં વધારો થાય અને જરૂરી સમયે રક્ત ન મળવાથી કોઈનું પણ મૃત્યુ ન થાય તેવી પરિસ્થિતિ સર્જાય તે જ આદર્શ સ્થિતિ કહી શકાય.

અદ્યતન ગ્રીનફિલ્ડ એરપોર્ટથી સૌરાષ્ટ્રના નાગરિકો, ધંધા-વ્યવસાય વિશ્વ સાથે જોડાશે: મુખ્યમંત્રી

રાજકોટ-સૌરાષ્ટ્રને લોકલથી ગ્લોબલ બનાવવામાં રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ મહત્વની ભૂમિકા ભજવશે: ભૂપેન્દ્ર પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ, તા, ૨૮

રાજકોટ ઈન્ટરજેશનલ એરપોર્ટના લોકાર્પણના કાર્યક્રમ બાદ રેસકોર્સના મેદાનમાં યોજાયેલી જાહેરસભામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે,રાજકોટ ખાતે અદ્યતન ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટના માધ્યમથી સૌરાષ્ટ્રના નાગરિકો, ધંધા-વ્યવસાયો વિશ્વ સાથે જોડાશે અને નિકાસની તકો સરળ બનશે. રાજકોટ-સૌરાષ્ટ્ર પ્રદેશને લોકલથી ગ્લોબલ બનાવવામાં રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ મહત્વની ભૂમિકા ભજવશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, મોરબી-થાનના સિરામીક ઉદ્યોગો, જામનગરના બ્રાસપાર્ટ ઉદ્યોગ, ભાવનગર અલંગના શિપ રિસાયકલિંગ ઉદ્યોગો કે રાજકોટના ઓટોમોબાઇલ પાર્ટ્સ અને મેટલ ઇન્ડસ્ટ્રીઝ ઉદ્યોગો સૌ માટે આ એરપોર્ટ નિકાસ અને વેપાર-ઉદ્યોગોના વિકાસ માટે વિવિધ તકો પૂરી પાડશે. વડાપ્રધાનએ રાજકોટને નવીન એરપોર્ટના લોકાર્પણથી નભ, રાજકોટ શહેરના વિવિધ વિકાસ કાર્યોથી થલ તથા સૌની યોજના અન્વયે લિન્ક ૩ના ૮ અને ૯ એમ બે પેકેજના લોકાર્પણથી જલ એમ દરેક ક્ષેત્રે વિકાસના નવા-નવા પ્રકલ્પો, યોજનાઓ આપીને વિકાસ સાકાર કર્યો છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નર્મદાના દરિયામાં વહી જતા નિરર્થક પાણીથી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતની સૂકી ધરતીને નવપલ્લવિત કરવા અને સિંચાઈ-પીવાના પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે ઇજનેરી કૌશલ્ય કામે લગાડ્યું. તેમણે એક મિલિયન એકર ફિટ નર્મદાના પાણી પહોંચાડવાના આયોજન સાથે સૌની યોજનાનો પ્રારંભ કરાવીને સૌરાષ્ટ્ર માટે દુકાળને ભૂતકાળમાં પરિવર્તિત કર્યો છે.

રાજકોટથી ઉદયપુર-ઈન્દૌરની ફ્લાઈટ શરૂ થશે

કેન્દ્રીય નાગરિક ઉડ્યન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે, હવાઈ સ્લીપર પહેરનારા નાગરિકોને UDAN (ઉડે દેશ કા આમ નાગરિક) યોજના હેઠળ કિફાયતી દરે હવાઇ યાત્રા ઉપલબ્ધ કરાવવા માટે દેશભરમાં નવા ૧૪૮ એરપોર્ટસ બનાવાયા છે. વર્ષ ૨૦૧૪માં પ્રતિ સમાહ ૫૬ ફ્લાઈટસ અને ૧૯ શહેરો સાથેની કનેક્ટિવિટીની સામે ૨૦૨૩માં પ્રતિ સમાહ ૧૩૦ ફ્લાઈટસ અને ૫૦ શહેરો સાથેની કનેક્ટિવિટી ઉપલબ્ધ બનવા જઈ રહી છે. રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટની વિશેષતાઓ વર્ણવતાં કહ્યું હતું કે, ટૂંક સમયમાં રાજકોટ હવાઈ માર્ગે ઉદયપુર અને ઈન્દોર સાથે જોડાઈ જશે. તેમણે આ તકે જ્યાં કનેક્ટિવિટી ત્યાં વેપાર અને જ્યાં વેપાર ત્યાં રોજગાર. પરિવહન થકી પરિવર્તન લાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. રાજ્યના ઉદ્યોગ અને નાગરિક ઉડ્યન મંત્રી બળવંતસિંહ રાજપુતે સ્વાગત પ્રવચન કરતાં કહ્યું હતું કે, રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાર્પણની ઘડી ઐતિહાસિક છે.વિકાસકાર્યોના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સાંસદ સી. આર. પાટીલના હસ્તે વિમાનની પ્રતિકૃતિ દ્વારા વડાપ્રધાનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે જ નાગરિક ઉડ્યન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા દ્વારા તથા પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા દ્વારા પણ ઈમિટેશનથી શણગારેલા વિમાનો દ્વારા વડાપ્રધાનનું અભિવાદન કરાયું હતું. આ પ્રસંગે રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, મહિલા-બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, મેયર પ્રદીપભાઈ ડવ, જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદર, સાંસદ સર્વ મોહનભાઈ કુંડારિયા, રમેશભાઈ ધડુક, રામભાઈ મોકરીયા,વિનોદ ચાવડા, કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્ય સર્વ

ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ગીતાબા જોડેજા, જયેશભાઈ રાદડિયા, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરીયા, જીતુભાઈ સોમાણી, શામજીભાઈ ચૌહાણ, સૌની યોજનાના સચિવ કે.એ. પટેલ, રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી, રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, મ્યુનિ. કમિશનર આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનર ધીમંત વ્યાસ, મુકેશભાઈ દોશી, ભરતભાઈ બોઘરા વગેરે પદાધિકારીઓ- અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ- સૌરાષ્ટ્રવાસીઓને અઢળક વિકાસ કાર્યોની ભેટ અર્પણ કરનાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શાલ ઓઢાડી સન્માન કરતા ધારાસભ્ય ઉદય કાનગડ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ, તા, ૨૮

વિધાનસભા-૬૮, રાજકોટ (પૂર્વ) ના ધારાસભ્ય ઉદય કાનગડની એક યાદીમાં જણાવાયેલ છે કે ગુજરાતના સપુત, વિકાસના સ્વપ્નદ્રષ્ટા અને દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી રાજકોટની ધરા ઉપર રાજકોટવાસીઓ-સૌરાષ્ટ્રવાસીઓને અનેકવિધ વિકાસકાર્યોની ભેટ અર્પણ કરવા પધારેલ ત્યારે રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે જાહેર સભા દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને સત્કારવાનો તેમજ મંચ ઉપર શાલ ઓઢાડી સન્માનીત કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. તેમજ નરેન્દ્રભાઈ મોદીજીને જાહેર સભા દરમ્યાન ગણપતીદાદા, સરસ્વતી માતા અને વચ્ચે તુલસીના ક્યારાની ચાંદીની પ્રતિકૃતી અર્પણ કરી શુભેચ્છા પાઠવી હતી. આ તકે કેન્દ્રીય ઉડ્યન મંત્રી જયોરાદીત્ય સીંધીયા, રાજકોટ લોકસભાના સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, કેસરીદેવસિહ જાડેજા, ધારાસભ્ય ઉદય કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. દર્શીતાબેન શાહ, સહીતના ઉપસ્થિત રહયા હતા. આમ અંતમાં વિધાનસભા-૬૮(રાજકોટ પૂર્વ) ના ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે નરેન્દ્રભાઈ મોદીએ વંચિતો, ગરીબો, વિચરતી વિમુક્ત જાતિઓ, મહિલાઓ તથા યુવાનોના ઉત્કર્ષ માટે અનેકવિધ યોજનાઓ સુલભ બનાવીને સર્વ સમાજના ઉન્નત વિકાસના ધ્યેયને ચરિતાર્થ કર્યુ છે ત્યારે હીરાસર - રાજકોટ ખાતે ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાપર્ણ, કેકેવી હોલ ઓવરબ્રીજનું લોકાપર્ણ તેમજ સૌની યોજના અંતર્ગત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાપર્ણ જેવા અનેકવિધ વિકાસકાર્યોની ભેટ આપવા બદલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરેલ હતો.

રાજકોટના આંગણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને ફુલડે-ફુલડે વધાવતા શહેરીજનો

વિશાળ જનમેદનીએ હર્ષોલ્લાસ સાથે વેલકમ મોદીજીના નારા સાથે ગગન ગજવ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ, તા, ૨૮

શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે દેશને વિકાસની રાહ પર સતત અગ્રેસર દેશની વણથંભી વિકાસયાત્રાના સુકાની એવા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જનતામાં અપાર લોકચાહના મેળવી છે, ત્યારે હીરાસર - રાજકોટ ખાતે આકાર લઈ રહેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાપર્ણ, રાજકોટ ખાતે કેકેવી હોલ ઓવરબ્રીજનું લોકાપર્ણ તેમજ સૌની યોજના અંતર્ગત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાપર્ણ તેમજ રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે જંગી જાહેર સભાને સંબોધન કરવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી રાજકોટ ખાતે પધારેલ ત્યારે રેસકોર્ષ સભાસ્થળે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીએ નરેન્દ્રભાઈ મોદીને ફુલડે-ફુલડે વધાવી હર્ષોલ્લાસ સાથે વેલકમ મોદીજી ના નારા સાથે ગગન ગુંજાવ્યું હતું. આ તકે રાજકોટવાસીઓની બપોરે ૧ થી ૪ આરામ ફરમાવવાની વર્ષોજુની આયોજન થયું હતું. ત્યારે ટીમ ભાજપને આ ઐતિહાસિક કાર્યક્રમને જબ્બર રીતે સફળ બનાવવા બદલ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ, પ્રદેશ ભાજપ મહામંત્રી અને સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્યએ બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.અને નરેન્દ્રભાઈ મોદીની આ વાતને ઉપસ્થિત જનમેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

ત્યારે વડાપ્રધાનને સત્કારવા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી તેમજ શહેરના વિવિધ સમાજના આગેવાનો, વિવિધ સામાજીક-શૈક્ષણીક-સેવાકીય સંસ્થાઓ, એન.જી.ઓ., વેપારી મંડળો, એન્જી. એસોશીએશનો, ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનો પણ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.ત્યારે શહેર ભાજપ દ્વારા માઈક્રોપ્લાનીંગ સાથે વડાપ્રધાનને રાજકોટ ખાતે ઉમળકાભેર આવકારવા અનેરૂ આયોજન થયું હતું. ત્યારે ટીમ ભાજપને આ ઐતિહાસિક કાર્યક્રમને જબ્બર રીતે સફળ બનાવવા બદલ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ, પ્રદેશ ભાજપ મહામંત્રી અને સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્યએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ત્યારે છેલ્લા એક સાપ્તાહથી શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ તમામ શ્રેણીના આગેવાનો સાથે મીટીંગ, ટેલીફોનીક અને કાર્યકર્તાઓ દ્વારા ડોર ટૂ ડોર નિમંત્રણોનું પરીણામ સભામાં વિશાળ સંખ્યામાં જનમેદની એકઠી થયેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા પાર્ટીના કાર્યકર્તાઓ, એન.જી.ઓ., વિવિધ સમાજ, વેપારી-ઉદ્યોગપતિઓ, ડોકટર, વકીલ, શાળા- કોલેજ સંચાલકો, સ્વનિર્ભર શાળાના સંચાલકો, ખાનગી યુનીવર્સીટી, સૌરાષ્ટ્ર યુનીવર્સીટી, સાધુ-સંતો, ડોકટરો, વકીલો પણ વિશાળ સંખ્યામાં ઉમટી પડયા હતા. ત્યારે આ કાર્યક્રમને સફળ બનાવવા કાર્યકર્તાઓ દ્વારા સુંદર સંકલન કરી જુના વરીષ્ઠ આગેવાનોને ડોર-ટુ-ડોર નિમંત્રણ કાર્ડ આપવામાં આવ્યા હતા. તેમજ શહેરના તમામ વોર્ડમાંથી કુલ ૩૬૫ બસોમાં તમામ શ્રેણીના કાર્યકર્તાઓ, શહેરીજનો સભાસ્થળે ઉમટી પડયા હતા અને શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ ટીમ શહેર ભાજપ દ્વારા આ કાર્યક્રમને ભવ્યાતિભવ્ય રીતે સફળ બનાવવા મેયર બંગલા ખાતે સતત બેઠકોનો સીલસીલો અને સંપૂર્ણ માઈક્રોપ્લાનીંગથી આયોજન કરવામાં આવેલ હતું અને

તેનું શ્રેષ્ઠ પરીણામ આવેલ હતું.અને આ કાર્યક્રમને ઐતિહાસિક રીતે સફળ બનાવવા બદલ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ, પ્રદેશ ભાજપ મહામંત્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ઉદય કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્યએ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી અને ટીમ શહેર ભાજપને અભિનંદન પાઠવ્યા હતા.

ત્યારે આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બદલ શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓ, વિવિધ સમાજો-સંસ્થાઓના આગેવાનો, એન.જી.ઓ. અને શહેરીજનોનો શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા જાહેર આભાર વ્યક્ત કરેલ હતો.

રાજકોટ ક્રાઈમ

મારામારી સહિતના છ ગુનામાં ફરાર આરોપીની ધરપકડ

રાજકોટ માલવિયાનગર પોલીસ દ્વારા બાપા સીતારામ ચોક પાસે આવેલ ખુલ્લા પટમાંથી એનડીપીએસ, એટ્રોસિટી અને મારામારી સહિતના છ ગુનામાં ફરાર આરોપી મિલન ઉર્ફે એમ.કે. સંજય ખખ્ખર (ઉ.વ.૨૮)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કુખ્યાત મિલન લોહાણા અનેક ગુનામાં સંડોવાયેલો છે. પાંચ માસ પહેલાં SOGની ટીમે ચામુંડા નગરમાંથી બે કિલો ગાંજા સાથે એક શખ્સને પકડ્યો હતો. જે ગુનામાં ગાંજાના સપ્લાય તરીકે મિલનનું નામ ખુલ્યું હતું તેમજ છ માસ પેહલાં ખોડિયારનગરમાં દલિત યુવકને મારમારી તેના પર બાઈક ચડાવી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરતાં તેના વિરુધ્ધ એટ્રોસિટીની ફરિયાદ નોંધાઈ હતી. આ ઉપરાંત પોરબંદરમાં મારામારી સહિતની કલમ હેઠળ અને જૂનાગઢમાં દારૂની હેરાફેરીનો ગુનો પણ નોંધાયેલ હતો આ તમામ ગુનામાં નાસતો ફરતો હતો.

પ્રોઢે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

રાજકોટ શહેરના અંબિકા ટાઉનશીપ પાસેના એપાર્ટમેન્ટના ફ્લેટમાં રહેતાં પ્રોઢે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે. કિરીટભાઈ હરિભાઈ કારાસાગરા (ઉ.વ.૫૫) નામના વૃધ્ધે ગઇકાલે પોતાના ફ્લેટમાં પંખાના હુકમાં સાડી બાંધી ફાંસો ખાઈ લેતા બેભાન હાલતમાં જ મોત નીપજ્યાનું ૧૦૮ના ઈએમટીએ જાહેર કર્યું હતું. આ બનાવના પગલે તાલુકા પોલીસ સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક નિવૃત્ત જીવન જીવતા હતાં અને સંતાનમાં એક દિકરી છે જે સાસરે છે. પત્નીને કેન્સરની બીમારી હોવાથી હાલ તે દિકરી સાથે રહેતાં હતાં. પોતે એકલા હતા ત્યારે પગાલું ભરી લીધું હતું. આ કારણ અંગે પરિવારજનો અજાણ હોવાથી પોલીસે મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી તપાસ હાથ ધરી છે.

પરિણિતાનું હાર્ટએટેક આવતા નિધન

રાજકોટમાં વધુ એક હાર્ટ એટેકની ઘટના સામે આવી છે, જેમાં નિશીતાબેન રાઠોડ નામના પરિણીતાનું તેમના જન્મ દિવસે જ હાર્ટએટેકથી મોત નિપજતા પરિવારમાં કરૂણાંતિકા છવાઈ હતી. રાજકોટ શહેરના આજી ડેમ ચોક પાસે આવેલ અનમોલ પાર્ક-૧માં રહેતા સૌરાષ્ટ્રના જાણીતા ડીજે ધર્મેશભાઈ ઉર્ફે અક્કી રાઠોડના ધર્મપત્ની નિશીતાબેન રાઠોડ (ઉ.વ.૩૬) ગઇકાલે બપોરે પોતાના ઘરે રોટલી બનાવતા હતા. ત્યારબાદ અચાનક જ તબિયત લથડતા પતિની બાજુમાં જ બેભાન થઈ ઢળી પડ્યા હતા. જેથી તેના પતિએ તાત્કાલિક ૧૦૮ને જાણ કરતા સારવારમાં સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતા. જયાંથી વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા પરંતુ, ત્યાં સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે જાણ થતા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ ગર્ભાશયની કોથળી ફાટી જતા હૃદયરોગનો હુમલો આવવાથી મોત થયાનું ખુલ્યું હતું. તેમજ નિશીતાબેનને અન્ય કોઈ બીમારી ન હોવાનું પણ રિપોર્ટમાં સામે આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઇકાલે જ નિશીતાબેનનો ૩૬મો જન્મદિવસ હતો, જે તેમના માટે અંતિમ દિવસ બની ગયો હતો. નિશીતાબેનને સંતાનમાં એક બાર વર્ષની અને સાત વર્ષની પુત્રી છે, જે માતા વિહોણી બનતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

રાજનગર ચોક અને લાતી પ્લોટમાં જુગારના દરોડા:૧૨ શખ્સ પકડાયા

નાનામવા રોડ રાજનગર ચોક પાસે આવેલા યુનિયન બેન્ક પાસેના ખુલ્લા કમ્પાઉન્ડમાં જુગાર રમાતો હોવાની બાતમીને આધારે એલસીબી ઝોન- ૨ની ટીમે દરોડો પાડી સાત શખ્સને પકડી રૂ.૮૪,૪૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ જુગારમાં અજય લાલજીભાઇ રાઠોડ,હિતેષભાઇ રમેશભાઇ મકવાણા,કિશોરભાઇ પંજાભાઇ પારઘી ઉ.વ.૩૬,મોન્ટુભાઇ ચંદુભાઇ રાઠોડ(રહે. સૌરાષ્ટ્ર હાઇસ્કુલ પાછળ સરકારી કવાર્ટર સી-૧૨૧ કાલાવાડ રોડ),વિજેન્દ્ર ધીરૂભાઇ ગોહેલ(રહે. લક્ષ્મીનગર શેરી નં. ૪ નાના મૌવા મેઇન રોડ),કૃષ્ણસિંહ ભરતસિંહ જાડેજા(રહે. લક્ષ્મીનગર શેરી નં.૦૨ નાના મૌવા મેઇન રોડ) અને કિશોરભાઇ દેસરભાઇ ભટ્ટી(રહે. લક્ષ્મીનગર શેરી નં.૩ નાના મૌવા મેઇન રોડ)સહિતના આરોપીઓને ઘોડી પાસાનો જુગાર રમતા ઘોડીપાસા નંગ-૦૨,રોકડા રૂ.૧૪,૪૫૦ અને મોબાઇલ નંગ.૦૫ રૂ.૭૦,૦૦૦ સાથે મળી કુલ રૂ.૮૪,૪૫૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. બીજા દરોડામાં એલસીબી ઝોન.૧ની ટીમના પીએસઆઇ બી. વી.બોરીસાગર,દિવ્યરાજસિંહ જાડેજા,સત્યજીતસિંહ જાડેજાએ બાતમીને આધારે મોરબી રોડ લાતી પ્લોટ પાસે જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા બડેમિયા ઉર્ફે બડામબાપુ રઝાકમિયા કાદરી,મનીષ અશોકભાઈ ચૌહાણ,ભરત નરેશભાઈ ચૌહાણ, એઝાઝ મેહબૂબભાઈ તરકવાડીયા અને જીગ્નેશ ઉર્ફે જીગો કિશોરભાઈ સાગઠીયાને ઝડપી તેઓ પાસેથી રૂ.૨૫ હજારની રોકડ જપ્ત કરી હતી.

ગ્રીન એવન્યુમાં રહેતા વેપારીની મોટા ભાઇ સામે ફરિયાદ

રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે આવેલા ગ્રીન એવન્યુ સોસાયટીમાં રહેતા સુધીરભાઇ રસિકભાઇ રૂપારેલિયા નામના વેપારી પ્રૌઢે તેના જ સગા મોટા ભાઇ અજય ઉર્ફે લાલા સામે માથાકૂટ કરી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. મૂળ ધારીના વેપારીની ફરિયાદ મુજબ, તેઓ છ ભાઇ-બહેનમાં સૌથી નાના છે. પિતાના અવસાન બાદ ભાઇ અજય અને માતાને લઇ રાજકોટ આવી રામાપીર ચોકડી પાસે ટાઇલ્સ એક્સપોર્ટનું કામકાજ શરૂ કર્યું હતું. બાદમાં મોટા ભાઇ અજયના લગ્ન થઇ જતા તે અલગ રહેવા જતો રહ્યો હતો. દરમિયાન ગુરુવારે બપોરે ઓફિસે હતો. ત્યારે અજય ઉર્ફે લાલો ત્યાં આવી તે વસાવેલી મિલકતમાંથી તારે મને અડધો ભાગ આપવો પડશે. નહિતર તને અને તારા પરિવારને જાનથી મારી નાંખીશ. જેથી આપણી પાસે કોઇ વારસાઇની મિલકત નથી તો શું આપું. જેથી અજય ઉશ્કેરાય જઇ મારે આજે જ ફેંસલો કરવો છે કહી માથાકૂટ કરી હતી. બાદમાં પોલીસને ફોન કર્યાની અજયને ખબર પડતા હવે હું તું જોઇ લેજે કહી ગાળો ભાંડી નાસી ગયો હતો. ત્યાર બાદ પોલીસ મથક જઇ મોટા ભાઇ અજય ઉર્ફે લાલા વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

નાણાંનું રોકાણ કરવાના બહાને લોકોને ખંખેરતી ગેંગનો સભ્ય ગોંડલથી ઝબ્બે

મુવી રેટિંગ બિઝનેસમાં નાણાં રોકો એટલે રોજ રૂ. ૫,૦૦૦ મળે તેવી લાલચ આપી

જામનગર,તા.૨૮

જામનગરની સાયબર ક્રાઇમ શેલની ટીમ દ્વારા ટેલિગ્રામમાં ફેક ગ્રૂપ બનાવી તેના માધ્યમથી એક મુવી રેટિંગ વેબસાઈટ બનાવી લોકોને નાનાં રોકાણ બહાને નાણા ખંખેરવાનું કારસ્તાન ચલાવતી ગેંગના એક સભ્યને ગોંડલથી ઝડપી લીધો છે, અને જામનગર લઈ આવ્યા પછી પૂછપરછ હાથ ધરી છે. ટેલિગ્રામ માટેની ફેક વેબસાઇટ બનાવી તેના માધ્યમથી એક મૂવી રેટિંગની વેબસાઈટ બનાવવામાં આવી હતી અને તેમાં લોકોને નાના નાના રોકાણ કરીને તેઓની રકમ અન્ય લોકોના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લઈ છેતરપિંડી કરવામાં આવી રહી હોવાનું જામનગર સાઇબર ક્રાઇમ સેલની ટીમને ધ્યાનમાં આવ્યું હતું.જે ગેંગના સભ્યોને શોધવા માટે ઓનલાઇન સર્ચ કરવામાં આવી રહ્યું હતું, જે દ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એરપોર્ટ ખાતે આવકારતા મુકેશ દોશી

ભુપેન્દ્રભાઈ પટેલ, સી.આર. પાટીલ, જયોતીરાદીત્ય સીંધીયા સહીતના આગેવાનોનું એરપોર્ટ ખાતે સ્વાગત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

દેશને વિકાસની રાહ પર સતત અગ્રેસર દેશની વણથંભી વિકાસયાત્રાના સુકાની એવા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જનતામાં અપાર લોકચાહના મેળવી છે, ત્યારે હીરાસર-રાજકોટ ખાતે આકાર લઈ રહેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાપર્ણ, રાજકોટ ખાતે કેકેવી હોલ ઓવરબ્રીજનું લોકાપર્ણ તેમજ સૌની યોજના અંતર્ગત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાપર્ણ તેમજ રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે જંગી જાહેર સભાને સંબોધન કરવા દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી રાજકોટ ખાતે પધારેલ ત્યારે એરપોર્ટ ખાતે તેમનું સ્વાગત કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો.

આ તકે મુકેશ દોશીએ જણાવેલ કે શહેર ભાજપ પ્રમુખ બન્યા બાદ પ્રથમ વખત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પ્રથમવાર એરપોર્ટ ખાતે આવકારવાનો અનેરો અવસર પ્રાપ્ત થયો હતો.

આ તકે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ, કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી જયોતીરાદીત્ય સીંધીયા સહીતના આગેવાનોનું એરપોર્ટ ખાતે ઉષ્માભેર સ્વાગત કરાયું હતું.

તેમજ આ તકે રાજકોટ એરપોર્ટ ખાતે વિનોદભાઈ ચાવડા, મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ડો.ભરતભાઈ બોઘરા, બીનાબેન આચાર્ય, ભાનુબેન બાબરીયા, ઉદય કાનગડ, ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ડો. પ્રદીપ ડવ, ભુપત બોદર, પ્રકાશભાઈ સોની, અલ્પેશ ઢોલરીયા, ધવલ દવે, અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહીતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

શ્રી રાજકોટ મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળ દ્વારા રાજકોટમાં વસતા મોચી જ્ઞાતિના તેજસ્વી તારલાઓને સન્માનવા માટે ૩૦ મો સરસ્વતી સન્માન સમારંભ આગામી ૩૦મી જુલાઈના રોજ યોજાશે.

આ અંગેની માહિતી આપવા આજે શ્રી રાજકોટ મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળના હાર્દિકભાઈ ચૌહાણ, સુરેશભાઈ ચૌહાણ, હર્ષદભાઈ મકવાણા, પ્રવીણભાઈ, જીતેન્દ્રભાઈ ગોહિલ, યોગેશભાઈ વાળા અને કિશોરભાઈ પરમાર સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલયની રૂબરૂ શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા. આ તમામ આગેવાનોએ જણાવ્યું હતું કે શ્રી પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ, રૈયા રોડ, રાજકોટ ખાતે બપોરના ૨ વાગ્યાથી શરુ થનારા આ કાર્યક્રમમાં આવતા દરેક વિદ્યાર્થીએ તેઓને મોકલેલું કાર્ડ સાથે રાખવું.

તેમજ વિદ્યાર્થીઓ સાથે વાલીગણ તથા સમસ્ત મોચી સમાજના લોકોએ આ કાર્યક્રમમાં પધારવા અનુરોધ કરાયો છે.

રાજકોટ-સૌરાષ્ટ્રના વિકાસના નવા દરવાજા ખોલતી

અભૂતપૂર્વ ભેટ માટે પ્રજા વત્સલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઋણી રહેશે : રાજુ ધ્રુવ

રાજકોટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સહિતના અનેક વિકાસ કાર્યોની ભેટ આપવા બદલ આભારની લાગણી વ્યક્ત કરતા રાજુભાઈ ધ્રુવ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

સૌરાષ્ટ્રના મુખ્ય મથક રાજકોટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સહિતની વિવિધ વિકાસ યોજનાઓની ભેટ આપવા બદલ આભારની લાગણી વ્યક્ત કરતા સૌરાષ્ટ્ર ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે કહ્યું છે કે વડાપ્રધાનના વિચાર બીજમાંથી જન્મેલી વિવિધ યોજનાઓ મૂર્તિમંત થતા જ સૌરાષ્ટ્રની ઘણો ફાયદો થયો છે અને એક પાવર ફુલ વિસ્તાર તરીકે તેની ઓળખ પ્રસ્થાપિત થઈ છે.

તેઓએ જણાવ્યું છે કે રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં યોજાયેલી જંગી જાહેર સભામાં દેશના સપૂત અને વિકાસશીલ પુરૂષ તરીકે વૈશ્વિક ઓળખ પામેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની સાલસતા, નિખાલસતા, પ્રજાવાત્સલ્યનો પરિચય આપ્યો હતો.

રાજકોટે મને સૌપ્રથમ વખત ધારાસભ્ય બનવાની તક આપી હતી તેથી રાજકોટનો ઋણી છું તેવું નતમસ્તકે નિવેદન કરનાર વડાપ્રધાનનું રાજકોટ હંમેશા ઋણી રહેશે કારણ કે તેમણે રાજકોટને વિવિધ યોજનાઓ આપીને વૈશ્વિક નકશામાં સ્થાન આપ્યું છે. રાજકોટમાં એઇમ્સ હોસ્પિટલ આવી રહી છે, આ સિવાય થોડા સમય પહેલા રાજકોટમાં લાઈટ હાઉસ પ્રોજેક્ટ પણ વડાપ્રધાનએ આપેલો છે. આજે સૌની યોજના નો લાભ મળતો હોવાથી પાણીની સમસ્યા પણ હલ થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ મળવાથી આવનારા સમયમાં સમગ્ર સૌરાષ્ટ્રનો વિકાસ હરણફાળ ભરશે તે પણ નિશ્ચિત છે. આમ અનેક વિધ યોજનાઓની ભેટ આપવા બદલ રાજકોટ હંમેશા વડાપ્રધાનનું ઋણી રહેશે.

ગુજરાતના પ્રજાવત્સલ, ગતિશીલ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો પણ વિવિધ યોજનાઓના ઝડપી અમલીકરણ માટે આભાર માન્યો છે.

રાજકોટમાં યોજાયેલી વડાપ્રધાનની જાહેર સભામાં વિશાળ સંખ્યામાં ભાજપના કાર્યકરો અને સામાન્ય જનતા ઉમટી પડી હતી.તમામ પ્રકાર પ્રિન્ટ ,ઇલેક્ટ્રોનિક, સોશિયલ મીડિયા ખાસ આભાર માનતા પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલના નેતૃત્વમાં પ્રદેશ ભાજપ અગ્રણીઓના માર્ગદર્શન હેઠળ નવનિયુક્ત રાજકોટ શહેર ભાજપના પદાધિકારીઓ તથા પક્ષ કાર્ય-સંગઠન સાથે જોડાયેલા હજારો કાર્યકરોએ, પક્ષના શુભેચ્છકો સમર્થકોએ દિવસ રાત એક કરીને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જંગી જહેમત ઉઠાવી હતી. તે સહુ કોઈનો આભાર માનું છું તેવું નિવેદનના અંતમાં રાજુભાઈ ધ્રુવે જણાવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જનસભામાં બહોળી સંખ્યામાં હાજરી આપવા બદલ

રાજકોટ જિલ્લાની જનતાનો આભાર માનતા જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપત બોદર, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, દંડક અને શાસક પક્ષના નેતા

અને વડાપ્રધાનનું અભિવાદન ઝીલ્યું હતું.

મોદીજીએ પણ રાજકોટની પ્રજાનો પ્રેમ ઝીલતા કહ્યું હતું કે રાજકોટમાં કાર્યક્રમ હોય અને રજા સિવાયનો દિવસ હોય, બપોરનો સમય હોય ત્યારે કોઈપણ સભા કરવાનું ના વિચારે. બપોરના સૂવાની ટેવ ધરાવતા રાજકોટવાસીઓ રાતના ૮ વાગ્યા પછી બહાર નીકળવાનું વિચારે, ત્યારે બપોરના સમયે કાર્યક્રમમાં ઉપસ્થિત વિશાળ જનમેદનીએ સાબિત કરી બતાવ્યું છે કે આજે રાજકોટે રાજકોટના બધા વિક્રમો તોડ્યા છે.

વડાપ્રધાનની જનસભામાં પોતાનો કિંમતી સમય કાઢીને હાજર રહેવા બદલ સમગ્ર રાજકોટ જિલ્લાની જનતાનો, રાજકોટ જીલ્લા ભાજપ

રાજકોટ જિલ્લાના ખેડૂતોને સૌની યોજના મારફત ખેતી તથા પીવાના પાણીનો લાભ મળશે, પાણીની સમસ્યા હવે ભૂતકાળ:ભુપત બોદર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદરએ એક અખબાર યાદીમાં જણાવે છે કે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરને ૨૦૩૩ કરોડ રૂપિયાના હિરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટ તથા સૌની યોજનાની લિંક સહિતના વિવિધ વિકાસ કાર્યોની ભેટ આપવામાં માટે રાજકોટ પધાર્યાં હતાં. ત્યારે વડાપ્રધાન મોદીને તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાગરિક કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિન્દ્રાદીત્ય સિંધિયા, પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલને રાજકોટ એરપોર્ટ ખાતે આવકારવ નો અવસર મળ્યો તેમ જ લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાનને મોમેન્ટો અર્પણ કરી ધન્યતા અનુભવી.

આ લોકાર્પણ કાર્યક્રમ થકી રાજકોટને ઔદ્યોગિક હબ બનાવવા માટે પાયારૂપ એર કાર્ગોની સુવિધા યુક્ત રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટઅને સમગ્ર સૌરાષ્ટ્ર માટે પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવનાર અને માં નર્મદાનું પાણી જન જન સુધી પહોંચાડનાર સૌની યોજના લિંક સહિતના વિશાળ વિકાસ કાર્યોની ભેટ જનતાને મળી છે. આ તકે વડાપ્રધાનને સાંભળવા માટે રાજકોટ જિલ્લામાંથી વિશાળ સંખ્યામાં જનમેદની પોતાના લોકપ્રિય વિકાસ પુરૂષ વડાપ્રધાનને આવકારવા ઉમટી હતી સંગઠનના હોદ્દેદારો, સહકારી સંસ્થાના આગેવાનો, સરપંચો અને કાર્યકતાઓનો જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઇ બોદર, ઉપપ્રમુખ સવિતાબેન વાસાણી, કારોબારી ચેરમેન સહદેવ સિંહ જાડેજા,દંડક અલ્પાબેન તોગડીયા,અને શાસક પક્ષના નેતા વિરલભાઈ પનારાએ આભાર વ્યક્ત કર્યો હતો અને હાજર રહીને વડાપ્રધાન માટે પ્રેમ અદા કરવા માટે અભિનંદન પાઠવ્યા હતા. તેમ જણાવ્યું છે.

સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૧-૮-૨૦૨૩ ના રોજ સીધા સ્થળ પર પહોચવું : દર્દીઓએ પોતાનું ઓળખપત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

સાંસ્કૃતિક, સામાજિક અને તબીબી ક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવા કેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧-૮ મંગળવાર થી ૩-૮ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવશે.આ કેમ્પ તા.૧-૮ થી ૩-૮ દરમિયાન યોજાશે.

આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા.૧-૮ મંગળવાર ના રોજ સવારે ૮:૩૦ કલાકે ખાસ સરગમ ભવન, જામટાવર રોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે.

આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે.અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧-૮ ના રોજ સવારે ૮.૩૦ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને આ કેમ્પમાં કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણીનો સહયોગ મળ્યો હોવાનું કેમ્પ આયોજક સંસ્થા દ્વારા જણાવાયું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનો આજે જન્મદિવસ છે. સૌરાષ્ટ્ર ક્રાંતિ પરિવાર તેઓને જન્મદિવસની શુભેચ્છા અપાઈ છે.

વિઠ્ઠલભાઈ રાદડીયાની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે

ગૌરક્ષક સેવા સમિતિ જામકંડોરણા દ્વારા સરકારી શાળાના બાળકોમાં ચોપડા-બોલપેનું વિતરણ કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮: ખેડૂત નેતા, સ્વ.વિઠ્ઠલભાઈ રાદડીયાની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે જામકંડોરણા ગૌસેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા જામકંડોરણા શહેરમાં આવતી તમામ સરકારી શાળાના ધો ૧ થી ૮ સુધીનાં બાળકોને વિનામૂલ્યે ચોપડા અને બોલપેનનું વિતરણ કરવામાં આવશે.

જેમાં જામકંડોરણા તાલુકા શાળા અને કન્યા શાળામાં તા.૨૯-૭ ને શનિવારે સવારે ૮ કલાકથી વિતરણ શરૂ કરવામાં આવશે. જેમા ગૌસેવા સમિતિનાં પ્રમુખ કીપાલસિંહ જાડેજા પીપરડીની આગેવાનીમાં અને તાલુકા શાળાના પ્રિન્સીપાલ અને સમિતિનાં ટ્રસ્ટી વિજયભાઈ રાણપરીયાનાં માર્ગદર્શનમાં કાર્યક્રમને સફળ બનાવવા સમિતિનાં ટ્રસ્ટીગણ અને સભ્યો ભારે જેહમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.

રવિવારે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

નમો બુધ્ધાય ફાઉન્ડેશન ટ્રસ્ટ હોલ, હોમિયોપેથીક હોસ્પીટલ સી.જે.ગ્રુપ રાજકોટ દ્વારા તા.૩૦-૭ ને રવિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી નિઃ શુલ્ક સવેરોગ નિદાન મેડિકલ કેમ્પનું આયોજન કરાયું છે.

નમો બુધ્ધાય ફાઉન્ડેશન ટ્રસ્ટ હોલ, જીલ્લા ગાર્ડન ચોક જુની જેલ પાસે, સોરઠીયા પ્લોટ શેરી નંબરઃ ૨/૯ નો ખુણો, વોર્ડ નંબરઃ૧૪ રાજકોટ, ખાતે યોજાનાર આ કેમ્પમાં રાજકોટ હોમીયોપેથીક મેડિકલ કોલેજ પારૂલ યુનિવર્સિટી સંચાલિત સાંઈનાથ હોમીયોપેથીક હોસ્પિટલના ડો.હિતાર્થ મહેતા, ડો કિંજલ મહેતા, ડો. માધવી વાગડીયા, ડો. પાર્થ દવે, ડો નિરવ ગણાત્રા ડો.મીરા વાઘેલા (જનરલ ચેકઅપ) તેમજ દાંતના ડો. નિતાબેન ટાંક, ફીઝીયોથેરાપીસ્ટ) ડો. જીજ્ઞાશાબેન નિમાવત (લેબોરેટરી ચેકઅપ) માં દયાબેન હિરપરા અને તેમની ટીમ હઠીલા રોગોનું નિદાન કરી ફ્રી દવાઓ આપશે. વોર્ડ નંબર-૧૪ ના કોર્પોરેટર ભારતીબેન બી.મકવાણાના માર્ગદર્શન હેઠળ મેડિકલ કેમ્પમાં ધારાસભ્ય રમેશ ટીલાળા અને વોર્ડ નંબર-૧૪ ના હોદ્દેદારોને કાર્યકર્તા હાજર રહેશે. ઉપરોક્ત મેડિકલ કેમ્પનો જાહેર જનતાએ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. વધુ માહિતી માટે સી.જે ગ્રુપ ચિરાગ ધામેચાનો ૯૪૨૮૨ ૩૧૨૭૧ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

બજરંગ ગ્રુપ દ્વારા સીઝનલ રોપા-છોડનું રવિવારે નિઃશુલ્ક વિતરણ કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

ગુજરાત રાજ્ય વન વિભાગ રાજકોટ રેન્જ કચેરી અને બજરંગ ગ્રુપના સયુંકત ઉપક્રમે વન વિભાગના નિવૃત અધિકારી હરેશભાઈ દવે, હંસાબેન મોકરિયા, નિવૃત પીએસઆઈ નરેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સીઝનલ રોપા અને છોડનું રવિવારે સવારે ૧૦ થી ૧૨ દરમિયાન વિતરણ કરાશે.

શહેરના પંચમુખી હનુમાનજી મંદિર પાસે, ગરેડીયા કુવા રોડ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં વ્યક્તિ દીઠ એક રોપો કે છોડ અપાશે. આ વિતરણ કાર્યક્રમમાં કિશોરભાઈ કારિઆ, પંકજભાઈ કારીઆ, હસુભાઈ ગણાત્રા, મનુભાઈ ખંધેડીયા, પંકજભાઈ ચગ, સુનીલભાઈ મજેઠીયા, જતીનભાઈ ભીંડોરા, હર્ષદસિંહ જાડેજા, ભગીરથસિંહ જાડેજા, બી.કે.જાડેજા, જયદીપભાઈ ગણાત્રા, રાઘવભાઈ ગણાત્રા, બટુકભાઈ રાચ્છ, જ્યોતિબેન ભટ્ટ, જે.કે. ભટ્ટ, વી.આર.બુદ્ધદેવ, હર્ષાબેન કક્કડ વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. આ કાર્યક્રમનો લાભ લેવા ઇન્ચાર્જ વાહીદભાઈ મારફાણીએ પર્યાવરણપ્રેમીઓને અનુરોધ કર્યો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૨૨ માં રજીસ્ટ્રાર તરીકે વિધિવત ચાર્જ સંભાળતા ડો.એચ.પી. રૂપારેલીઆ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વર્ષો પછી કાયમી રજીસ્ટ્રાર તરીકે ડો. એચ.પી. રૂપારેલીઆએ ૨૨ માં રજીસ્ટ્રાર તરીકે આજે ચાર્જ સંભાળ્યો હતો.

આ તકે પરીક્ષા નિયામક નિલેષભાઈ સોની, નાયબ કુલસચિવ અમીતભાઈ પારેખ, ડો. જી.કે. જોષી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સર્વે કર્મચારીઓએ નવા રજીસ્ટ્રાર ડો. એચ.પી. રૂપારેલીઆને અભિનંદન પાઠવ્યા હતા.

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ સહિત રૂ.૨૦૩૩ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી

ગુજરાત એરોપ્લેન બનાવવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છેઃ મોદી

કેન્દ્ર સરકારે ગુડ ગવર્નન્સ-સુશાસન દ્વારા દરેક વર્ગ, દરેક ક્ષેત્રમાં જીવનને સરળ બનાવ્યું છે, કેન્દ્ર સરકારે ૯ વર્ષમાં લીધેલા પગલાંથી દેશમાં ગરીબી ઝડપથી ઘટી છે,પાંચ વર્ષમાં દેશમાં ૧૩.૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા, નવા મધ્યમ વર્ગનું સર્જન થયું છે,કોરોના મહામારી, રશિયા-યુક્રેન યુદ્ધ છતાં દેશમાં મોંઘવારી કાબુમાં રાખવામાં સફળ થયા : વડાપ્રધાન

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુરૂવારે રાજકોટમાં નવા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સહિત ૨૦૩૩ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતું.

રાજકોટમાં હિરાસર પાસે નવનિર્મિત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરાણ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રેસકોર્સ ખાતે જનસભામાં પધાર્યા હતા. અહીંથી તેમણે વિવિધ વિકાસકાર્યોનું રિમોટથી લોકાર્પણ કર્યું હતું. આ તકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, હિરાસર ખાતે નિર્માણ પામેલું આ માત્ર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જ નથી પરંતુ સૌરાષ્ટ્ર-ગુજરાતને નવી ઊર્જા આપનારૂ, નવી ઊડાન આપનારૂ પાવરહાઉસ બની રહેશે.

રાજકોટની ઓળખ સૌરાષ્ટ્રના ગ્રોથ એન્જિન તરીકે થઈ રહી છે, તેમ જણાવતા વડાપ્રધાનએ કહ્યું હતું કે, સર્વાંગી વિકાસની સાથે રાજકોટમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બને તેવું રાજકોટવાસીઓનું સ્વપ્ન આજે પૂર્ણ થયું છે. આ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના કારણે રાજકોટ હવે દેશ-દુનિયાના અન્ય શહેરો સાથે સીધી ફ્લાઈટથી જોડાઈ શકશે. જેના કારણે ઉદ્યોગોને લાભ થશે, ખેડૂતો પણ તેમનું કૃષિ ઉત્પાદન વિદેશ મોકલી શકશે. સર્વાંગી વિકાસની સાથે ગુજરાત આજે એરોપ્લેન બનાવવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

વડાપ્રધાનએ ઉમેર્યું હતું કે, **Ease of Living, Quality of Life** કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. છેલ્લા નવ વર્ષમાં કેન્દ્ર સરકારે ગુડ ગવર્નન્સ-સુશાસન દ્વારા સમાજના દરેક વર્ગ, દરેક ક્ષેત્રમાં જીવનને સરળ બનાવવા માટે કામ કર્યું છે.

કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા નવ વર્ષમાં લોક-સુખાકારી માટે લેવાયેલાં પગલાંઓની વિગતે વાત કરતા વડાપ્રધાનએ જણાવ્યું હતું કે, સરકારની વિવિધ યોજનાના લાભો છેવાડાના પરિવારોને મળ્યા છે. જેના પરિણામે દેશમાં ગરીબી ઝડપથી ઘટી છે. એક રિપોર્ટ મુજબ છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં ૧૩.૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. જેના કારણે એક નવા મધ્યમ વર્ગનું સર્જન થયું છે.

વડાપ્રધાનએ દેશમાં કનેક્ટિવિટીમાં થયેલા નોંધપાત્ર વધારાનો ઉલ્લેખ કરતાં ઉમેર્યું હતું કે, ૨૦૧૪માં દેશમાં માત્ર ચાર શહેરોમાં મેટ્રો રેલ નેટવર્ક હતું, આજે ૨૦થી વધુ શહેરોમાં મેટ્રો રેલ નેટવર્ક પહોંચ્યું છે અને ૨૫ અલગ અલગ રૂટ ઉપર વંદે ભારત જેવી ટ્રેનો દોડી રહી છે. તેવી જ રીતે દેશમાં પહેલા ૭૦ એરપોર્ટ હતા, આજે તેનાથી ડબલ એરપોર્ટ છે. એરલાઈન સેક્ટરમાં દેશ નવી ઊંચાઈએ પહોંચ્યો છે.

ડિજિટલ ઈન્ડિયા થકી સામાન્ય લોકોની હાલાકી ઘટાડવા માટે સરકારે લીધેલા પગલાં અંગે વડાપ્રધાનએ કહ્યું હતું કે, અગાઉ વીજળી-પાણીના બિલ, ઈન્કમટેક્સ રિટર્ન ભરવા, હોસ્પિટલમાં, પેન્શન મેળવવા માટે લાઈનમાં ઊભા રહેવું પડતું હતું અને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. વર્તમાન સરકારે ડિજિટલ ઈન્ડિયાની પહેલથી આ સમસ્યાઓનું સમાધાન કર્યું છે. બેન્કિંગ સેવાઓ મોબાઈલમાં ઉપલબ્ધ બની છે. ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલિંગ સરળ અને ઝડપી બન્યું છે. અગાઉ આઈ.ટી. રિફંડ મેળવવામાં મહિનાઓ લાગી જતા હતા. હવે ગણતરીના દિવસોમાં આવી જાય છે.

તેઓએ કહ્યું હતું કે, સરકારે મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને ઘર મળે તેની પણ ચિંતા કરી છે. પીએમ આવાસ યોજનાના કારણે દેશના ૬ લાખથી વધુ પરિવાર અને ગુજરાતના ૬૦,૦૦૦થી વધુ પરિવારોના ઘરના ઘરનું સ્વપન સાકાર થયું છે. રેરાનો કાયદો લાવી સરકારે ઘર ખરીદવાની પ્રક્રિયા સરળ અને સલામત બનાવી છે, અને લાખો લોકોના પૈસા ફસાઈ જતાં, લૂંટાઈ જતા બચાવ્યા છે.

પાડોશી દેશોમાં ૨૫થી ૩૦ ટકાના દરે મોંઘવારી વધી રહી છે. ભારતમાં મોંઘવારી દરને લઈ સરકારની સંવેદનશીલતા અને સંનિષ્ઠ પ્રયાસોના કારણે, કોરોના મહામારી, રશિયા-યુક્રેન યુદ્ધ જેવા કારણો છતાં મોંઘવારી કાબુમાં રાખવામાં સફળતા મળી છે. અગાઉ રૂપિયા બે લાખ જેટલી નાની રકમ પર પણ ટેક્સ લાગતો હતો, જ્યારે આજે સાત લાખ સુધીની આવક ઉપર કોઈપણ પ્રકારનો ટેક્સ લાગતો નથી. નાની બચત ઉપર વધુ વ્યાજ સહિતના પગલાંઓથી મધ્યમવર્ગની બચત વધે તેવા સરકારના પ્રયાસો રહ્યા છે.

દેશમાં આવેલી મોબાઈલ ડેટા ક્રાંતિનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનએ કહ્યું હતું કે, આજે દરેક ભારતીય દર મહિને સરેરાશ ૨૦ જીબી ડેટાનો ઉપયોગ કરે છે. વર્ષ ૨૦૧૪માં ૧ જી.બી. ડેટા માટે રૂપિયા ૩૦૦ આપવા પડતા હતા. જો એ જ દરો આજે હોત તો, આજે આશરે મહિને રૂપિયા ૬૦૦૦ જેટલું બિલ ચૂકવવું પડતું હોત. પરંતુ આજે ૨૦ જી.બી. ડેટા માટે મહિને રૂપિયા ૩૦૦-૪૦૦ જેટલું જ બિલ આવે છે. આમ દર મહિને મધ્યમ વર્ગના રૂપિયા ૫૦૦૦થી વધુ બચત થાય છે.

સિનિયર સિટીઝન્સ સહિતના લોકો માટે કેન્દ્ર સરકારે લીધેલા પગલાંનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનએ કહ્યું હતું કે, બીમાર સિનિયર સિટીઝન માટે પરિવારે બજારમાં ઊંચી કિંમત આપીને દર મહિને દવા લેવી પડતી હતી. તેઓનો ખર્ચ બચાવવા કેન્દ્ર સરકારે જનઔષધિ કેન્દ્રો શરૂ કરાવીને સસ્તી કિંમતમાં દવા ઉપલબ્ધ કરાવી છે. જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની આશરે ૨૦ હજાર કરોડ રૂપિયાની રકમની બચત થઈ છે. ગરીબ અને મધ્યમ વર્ગ માટે સંવેદનશીલ સરકાર એક પછી એક એવા પગલાં લઈ રહી છે, જેનાથી સામાન્ય લોકોના ખિસ્સા પર કોઈ બોજ ના પડે. ગુજરાત અને સૌરાષ્ટ્રના વિકાસ માટે પણ અમારી સરકાર પૂરી સંવેદનશીલતાથી કામ કરી રહી છે.

પાણીની અછતનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, સૌની યોજના પહેલા શું સ્થિતિ હતી અને સૌની યોજના પછી શું બદલાવ આવ્યો છે તે સૌરાષ્ટ્રમાં જોઈ શકીએ છીએ. સૌરાષ્ટ્રના સેંકડો ગામ અને હજારો ચેકડેમ આજે પાણીના સ્ત્રોત બની ચૂક્યા છે. હર ઘર જલ યોજના અંતર્ગત આજે ગુજરાતના કરોડો પરિવારોને નળથી જળ મળવા લાગ્યું છે. તેઓએ કહ્યું હતું કે, સુશાસનનું આ એક એવું મોડેલ છે, જેમાં સમાજના દરેક વર્ગ અને પરિવારની જરૂરિયાતો અને આકાંક્ષાઓને ધ્યાનમાં રખાય છે. આ જ વિકસિત ભારતના નિર્માણનો અમારો રસ્તો છે. આ જ માર્ગ પર ચાલીને આપણે આઝાદીના અમૃત કાળના સંકલ્પોને સિદ્ધ કરવાના છે. વડાપ્રધાનએ વક્તવ્યના પ્રારંભમાં ગુજરાતમાં હાલમાં આવેલા વાવાઝોડા-પૂર જેવી કુદરતી આપત્તિના અસરગ્રસ્તો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ભવ્ય સ્વાગત કરાયું

રાજકોટ : રાજ્યના પ્રથમ ગ્રીનફિલ્ડ એરપોર્ટ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાર્પણ પ્રસંગે ગુજરાત રાજ્યની મુલાકાતે પધારેલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સૌરાષ્ટ્રની ધરતી પર ભાવભીનું સ્વાગત કરી મીઠો આવકાર આપ્યો હતો. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે વડાપ્રધાનનું કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધીયા, સાંસદ સી.આર. પાટીલ, રાજ્યના ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપુત, રાજ્યના ચીફ સેક્રેટરી રાજકુમાર, રાજ્ય પોલીસવડા વિકાસ સહાય, રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશી સહીતના મહાનુભાવોએ રાજકોટ ઈન્ટરનેશલ એરપોર્ટ પર સ્વાગત કર્યું હતું.

રાજકોટમાં વડાપ્રધાનની જાહેરસભા

રાજકોટ એરપોર્ટ સૌરાષ્ટ્રના વેપાર ઉદ્યોગ માટે વિકાસનું પાવર હાઉસ બનશે

અમે મોંઘવારી કાબૂમાં લીધી-નહીંતર દૂધ રૂ.૩૦૦ નું ને દાળ રૂ.૫૦૦માં મળતી હોત

આગામી વર્ષમાં ભારત 2 હજાર પ્લેનનો ઓર્ડર કરશે ગુજરાતમાં વિમાન બનશે એ દિવસો દૂર નથી

અગાઉ રૂપિયા બે લાખ જેટલી નાની રકમ પર પણ ટેક્સ લાગતો હતો, જ્યારે આજે સાત લાખ સુધીની આવક ઉપર કોઈપણ પ્રકારનો ટેક્સ લાગતો નથી. નાની બચત ઉપર વધુ વ્યાજ સહિતના પગલાંઓથી મધ્યમવર્ગની બચત વધે તેવા સરકારના પ્રયાસો રહ્યા છે.

અગાઉ આઈ.ટી. રિફંડ મેળવવામાં મહિનાઓ લાગી જતા હતા. હવે ગણતરીના દિવસોમાં આવી જાય છે.

૨૦૧૪માં દેશમાં માત્ર ચાર શહેરોમાં મેટ્રો રેલ નેટવર્ક હતું, આજે ૨૦થી વધુ શહેરોમાં મેટ્રો રેલ નેટવર્ક પહોંચ્યું છે અને ૨૫ અલગ અલગ રૂટ ઉપર વંદે ભારત જેવી ટ્રેનો દોડી રહી છે. તેવી જ રીતે દેશમાં પહેલા ૭૦ એરપોર્ટ હતા, આજે તેનાથી ડબલ એરપોર્ટ છે. એરલાઈન સેક્ટરમાં દેશ નવી ઊંચાઈએ પહોંચ્યો છે.

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે વડાપ્રધાનએ વિવિધ સુવિધાઓ નિહાળી

રાજકોટઃ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર સૌરાષ્ટ્રને બહુમુલ્ય ભેંટ અર્પણ કરતા રાજ્યના પ્રથમ ગ્રીનફિલ્ડ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટને ખુલ્લુ મુકીને લોકાર્પિત કર્યું હતું. વડાપ્રધાનએ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટની મુલાકાત લઈને વિવિધ સુવિધાઓ નિહાળી હતી. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન સંજીવકુમારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને એરપોર્ટ ખાતે ઊભી કરવામાં આવેલ વિવિધ સુવિધાઓની વિગતવાર જાણકારી આપી સમગ્ર એરપોર્ટના વિકાસ અંગે તેમજ વિશેષતાઓ અંગે માહિતગાર કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૫૩૪ એકર વિસ્તારમાં આકાર પામેલું, ૩ કિ.મી. લાંબો અને ૪૫ મીટર પહોળો રન-વે ધરાવતું આ એરપોર્ટ કોઈપણ સમયે ૧૪ વિમાનોને સમાવી શકવાની ક્ષમતા ધરાવે છે. ઉપરાંત રૂ. ૧૪૦૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ એરપોર્ટ પીક અવર્સ દરમિયાન હાલના તબક્કે પ્રતિ કલાક ૫૦૦ અને તેની ક્ષમતાના પૂર્ણ વિસ્તરણ બાદ ૨૮૦૦ પ્રવાસીઓનું સંચાલન કરી શકશે. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાર્પણ પ્રસંગે એરપોર્ટ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધીયા, સાંસદ સી.આર. પાટીલ, રાજ્યના ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપુત, કેન્દ્રના સિવિલ એવિએશન વિભાગના સેક્રેટરી રાજીવ બંસલ, રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર, રાજ્યના પોલીસવડા વિકાસ સહાય, જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી સહિતના અધિકારી તથા પદાધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટવાસીઓએ જ રાજકોટના વિક્રમ તોડ્યા

જનસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજકોવાસીઓનો પ્રેમ ઝીલતાં કહ્યું હતું કે, રાજકોટમાં કાર્યક્રમ હોય અને રજા સિવાયનો દિવસ હોય, બપોરનો સમય હોય ત્યારે કોઈપણ સભા કરવાનું ના વિચારે. બપોરના સૂવાની ટેવ ધરાવતા રાજકોટવાસીઓ રાતના ૮ વાગ્યા પછી બહાર નીકળવાનું વિચારે, ત્યારે બપોરના સમયે કાર્યક્રમમાં ઉપસ્થિત વિશાળ જનમેદનીએ સાબિત કરી બતાવ્યું છે કે આજે રાજકોટે રાજકોટના બધા વિક્રમો તોડ્યા છે.

(તસવીરઃ પંકજ ડાભી)

(તસવીરઃ દિલીપ ગોહેલ)

વડાપ્રધાને વિકાસના કામોનું લોકાર્પણ કર્યા બાદ

૧૫૦ યુવાનોની ૭૫ બાઈક રેલીએ જગાવ્યું આકર્ષણ

મેયર પ્રદિપ ડવ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ બોઘરા, જીનિયસ સ્કૂલ અને સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલનું સફળ આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮: પ્રધાનમંત્રીના વરદ હસ્તે વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ થયા બાદ મેયર ડો. પ્રદીપ ડવ, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા અને જીનિયસ સ્કુલ તથા સેલ્ફ ફાઇનાન્સ સ્કુલના ૭૫ બાઈક સાથે ૧૫૦ યુવાનો દ્વારા કેકેવી ફ્લાયઓવર બ્રિજ પર ત્રિરંગા યાત્રા કરી. તા.૨૭-૭ ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે ઈન્ટરનેશનલ એરપોર્ટ, સૌની યોજના-૩ની પાઈપલાઈન ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાના રૂ. ૨૩૪.૦૮ કરોડના મલ્ટીલેવલ ફ્લાયઓવર બ્રિજ સહિતના વિવિધ પાંચ વિકાસકામોના લોકાર્પણ થયા. આ કાર્યક્રમનો સંયુક્ત ડાયસ કાર્યક્રમ રેસકોર્ષ ખાતે તા.૨૭-૭ ના રોજ બપોરે ૩ કલાકે યોજાયો હતો. પ્રધાનમંત્રીના વરદ હસ્તે વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ થયા બાદ મેયર ડો. પ્રદીપ ડવ, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા અને જીનિયસ સ્કુલના ડી.વી. મહેતા તથા સેલ્ફ ફાઇનાન્સ સ્કુલના ૭૫ બાઈક સાથે ૧૫૦ યુવાનો દ્વારા કેકેવી ચોક ખાતેના ફ્લાયઓવર બ્રિજ પર તિરંગા યાત્રા કરવામાં આવી હતી. આ તકે મેયર ડો.પ્રદીપ ડવ અને ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા પણ બાઇક ચલાવીને ત્રિરંગા યાત્રામાં જોડાયા હતા. તેમ જણાવ્યું છે.

સંભારણા

લગ્નની ખરીદી

ઘરમાં દીકરીના લગ્ન લીધા તેથી કપડાની ખરીદી કરવા નીકળેલા એક સામાન્ય પરિસ્થિતિ વાળા બાપ એ જે બજેટ રાખ્યું હતું તેના કરતા વધારે બીલ થયું ત્યારની તેની મનોદશા જાણીએ..

કપડાની દુકાન એટલે રંગબેરંગી કપડા જોઈને આંખો અને મન લલચાઈ જાય એવી જગ્યા.. ઉપરથી દરેકને ખરીદી માટે આવાહન આપે એવો લળી લળીને ફોસલાવવા વાળો સ્ટાફ..

દીકરી વિચારમાં હતી કે આ ગુલાબી રંગનું સેલું લેવું કે લીલું છમ્મ! સાથે આવેલા દરેકની ચોઈસ જુદી જુદી તેથી તેણે પોતાના પરણેતર તરફ નજર નાખી જેને હજી તો તે પૂરેપૂરો જાણતી ય ન હતી. સામેના અરીસામાં જોતા જોતા આંખો હી આંખો મે ઈશારા હો ગયા.. તેણે લીલું સેલુ પસંદ કર્યું. પોતાના પર આ કલર ઉઠતો નથી એવું આજ સુધી તે કહેતી અને વિચારતી હતી. પણ આંખોના ખૂણા એ કરેલી વાત દિલ સુધી ઉતરી ગઈ અને તે આ લેવા રાજી થઈ ગઈ. સાથે આવેલી બહેને કહ્યું પણ ખરું કે 'તને તો આ રંગ ગમતો નથી ને!' પછી આંખ મિચકાવતી કહે છે 'ઠીક છે, લે તો પછી, હવે અહીં અમને કોણ પૂછે છે.!'

લેખિકા: પુનમ –મુંબઈ.

આ સાડી નો ભાવ પોસાતો ન હોવા છતાં દીકરી ના ચહેરા પરની ખુશી જોતા બાપે 'હા,ભલે' માં ડોકી હલાવી. બાજુમાં બેસેલી મા એ કિંમત જોઈને તેને કહ્યું કે 'તો પછી હવે આગળની સાડીઓ ઓછા કિંમતની કઢાવજે'. આમ તેની પાંચ સાડીઓ લેવાઇ ગઈ. મનમાં તેનો ટોટલ મારતા બાપને પસીનો છૂટી રહ્યો હતો જે તે વારંવાર રૂમાલથી લૂછી રહ્યા હતા.

બીજી દીકરીએ પણ હજી તો સાડી લેવાની હતી. પણ બાપની પરિસ્થિતિનો ખ્યાલ રાખતા તેણે સસ્તી સાડી ઉપાડી..

હવે તેઓ જેન્ટ્સ સેક્શનમાં આવ્યા. શોરૂમ મા એસી હોવા છતાં પતિને પરસેવો કઈ ઓછો થતો નથી જોઈ મા નજીક જઈને તેમનો હાથ દબાવતા બોલી 'બહું ચિંતા ન કરો, બધો હિસાબ થશે પછી જ હું મારી સાડીનું વિચારીશ' બાપની આંખમાં પાણી ભરાયા તેણે કહ્યું 'જોઈશું શું થાય છે, હમણાંથી કંઈ

વીચારી ન લેતી..'

તેમણે પત્ની ને એક સાડી પર વારંવાર હાથ ફેરવતા જોઈ લીધું હતુ. હમણાં સુધીના દરેક પ્રસંગ તેણે જૂની સાડી પહેરીને પૂરા કર્યા હતા. જેવા આ લગ્ન નક્કી થયા ત્યારથી તેનું ચાલ્યું હતું કે આ વખતે તો હું જરી થી ભરેલા છેડા વાળુ સેલૂ લઈશ.પછી કહે છે હું તો મજાકમાં કહેતી હતી. તમારા કપડાં લેવાની બહુ જરૂર છે. તે પહેરી પહેરીને ફસકી ગયા છે. બાપાએ હસીને વાત ટાળી દીધી હતી.પણ આજે અહીં પોતાના માટે લેવાની સાડી પર હાથ ફેરવતી વખતે કિંમત પર ધ્યાન ગયું ત્યારે જ તેણે ન લેવાનું વિચારી લીધું હતું.

નવા સંબંધોની શરૂઆત વાળો, લાગણીઓથી શણગારેલો, જીવનની નાજુક સફર માટે ખરીદેલ આ થેલો હાથમાં લઈને જુવાનીયાઓ આગળ વધ્યા .સાથે લાવેલા પૈસા કરતા બીલ વધારે થયું હતું. મા એ બાજુમાં બોલાવીને હાથમાંનો બટવો આપ્યો અને ધીમે રહીને કહ્યું, 'આ વખતે આપણા બેઉના નવા કપડા લેવા માટે ભેગા કર્યાં હતા. પણ છોકરાઓની ખુશીમાં આપણી ખુશી..'

બધું પતાવીને નીકળતા હતા ત્યાં જ તેમની પાછળ પાછળ માણસ હજી એક પાર્સલ લઈને આવ્યો. 'ભૂલથી અમને પકડાવી ગયો લાગે છે' એમ કહેતા તેઓ જમાઈ તરફ આગળ વધ્યા. તેણે કહ્યું 'તો ખોલીને જોઈ લો..'

અંદર મા ને ગમેલી સાડી અને બાપા માટે સુટ નું કપડું હતું. તેમણે જમાઈ સામે જોઈ ને પૂછ્યું કે, 'મે તો આના પૈસા આપ્યા નથી તો પછી કેમ આપણને પકડાવી ગયો?' જમાઈ હાથ જોડતા બોલ્યો 'લગ્નને દિવસે બધાજ નવા કપડા પહેરીને રંગબેરંગી જીવનની નવી શરૂઆતમાં સામેલ થવાના છે. તો તેમાં તમે કેમ રહી જાવ? અમને આ નવા કપડામાં આશીર્વાદ આપજો..!'

માતા અને પિતાના આંખમાં આનંદાશ્રુ ડોકાયા, તેવો નીશબ્દ અને અવાચક થઈને થનાર જમાઈ સામે જોઈ રહ્યા.

નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની કંડારેલી કેડીને રાજકોટમાં પ્રચંડ જનસમર્થન : જીલ્લા ભાજપે આભાર વ્યકત કર્યો

જીલ્લા ભાજપના હોદ્દેદાર દ્વારા પ્રધાનમંત્રીનું સન્માન કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટના ઐતિહાસિક રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીની જાહેરસભામાં આવવા માટે રાજકોટ જીલ્લામાંથી ૬૫૦ કરતા વધુ બસ તેમજ ૩૫૦થી વધારે પ્રાઈવેટ વાહનોથી ઉપસ્થિત રહેવા બહોળી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા, રાજકોટ જીલ્લાની ગ્રામ્યજનતા, ધરતીપુત્રો, મોટી સંખ્યામાં માતાઓ-બહેનો, હોદ્દેદારો તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરતા રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડીયાએ જણાવ્યું હતું કે, ગરવી ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કરકમળો દ્વારા નવનિર્મિત રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ (હીરાસર એરપોર્ટ), સૌની યોજના લીંક-૩ હેઠળ જુદા-જુદા ડેમોમાં પાઈપલાઈનથી પાણીનો પ્રોજેક્ટ, કે.કે.વી.ચોક ખાતે મલ્ટી લેવલ ફ્લાયઓવર બ્રીજ, ન્યારી-૧ ડેમથી રૈયાધાર ફિલ્ટર પ્લાન્ટ સુધી પીવાના પાણીની પાઈપલાઈનનો પ્રોજેક્ટ, રૈયાધાર ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, કોઠારિયા ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, અદ્યતન લાઈબ્રેરી સહિત રાજકોટ જીલ્લામાં થયેલા વિકાસના કાર્યોનું લોકાર્પણ કરતા પ્રધાનમંત્રી મોદીએ તમામ પ્રકલ્પો ખુલ્લા મૂકી સૌરાષ્ટ્રની જનતાને અર્પણ કર્યા હતા.

આ તકે વડાપ્રધાનએ પોતાના વ્યક્તવ્યમાં કહ્યું હતું કે, ભાજપ સરકાર છેવાડાના માનવી સુધીની સંવેદનશીલ સરકાર છે તેમજ ભારતની દેશની વિભૂતીઓ મહાત્મા ગાંધીજીના વિચારો, વંદનીય લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ, સંવિધાન રચયિતા ડો.બાબા સાહેબ આંબેડકરને વંદન કર્યા હતા.

આ તકે તેમના દરેક શબ્દમાં રાષ્ટ્રભાવનાના દર્શન થતા હતા ત્યારે રાજકોટ જીલ્લામાંથી હજારો કાર્યકર્તાઓ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સભામાં ઉપસ્થિત રહી તેમનો વડાપ્રધાન પ્રત્યેની લોકચાહના છલોછલ જોવા મળતી હતી. અંતમાં જીલ્લા ભાજપના આગેવાનોએ રાજકોટ જીલ્લા ટીમ, મંડલ પ્રભારીઓ, મંડલ પ્રમુખ-મહામંત્રીઓ, સીનીયર આગેવાનો, સહકારી અગ્રણીઓ અને સૌ કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

નિરવ ગોંડલીયાનો આજે જન્મદિવસ

રાજકોટ, નિરવભાઈ ગોંડલીયાનો આજે જન્મદિવસ છે. આજે તેવો જીવનનાં ૨૮ વર્ષ પૂરા કરીને ૨૯ વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. તેમના મોબાઈલ નંબર ૮૮૪૯૨ ૪૪૪૭૮ ઉપર વોટ્સઅપ દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે.

રાજકોટ શહેર કોંગ્રેસ મંત્રી નરેશભાઈ પરમારનો આજે જન્મદિવસ

રાજકોટ: રાજકોટ શહેર કોંગ્રેસ મંત્રી નરેશભાઈ જે પરમારનો આજે જન્મદિવસ છે તેઓ રાષ્ટ્રીય મુળ નિવાસી પરિષદના રાજકોટ પ્રમુખ છે અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા પણ છે પોતાના વિસ્તારમાં શિક્ષણ કાર્યોમાં હંમેશા અગ્રેસર રહે છે આ તકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી અશોકભાઈ ડાંગર. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ડો હેમાંગભાઈ વસાવડા.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી મહેશભાઈ રાજપૂત. રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપભાઈ ત્રિવેદી. કાર્યકારી પ્રમુખ સંજયભાઈ અજુડીયા. NSUI ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્ર સોલંકી. રાજકોટ શહેર કોંગ્રેસ મહિલા પ્રમુખ દિમીબેન સોલંકી. રાજકોટ શહેર કોંગ્રેસ અનુસુચિત જાતિ ડિપાર્ટમેન્ટ ચેરમેન નરેશભાઈ સાગઠીયા પુર્વ કોંગ્રેસ કાર્યાલય મંત્રી ગોપાલ મોરવાડિયા સહિતના રાજકીય અગ્રણીઓ શુભકામનાઓ પાઠવી.

શહેરના ૩ રસ્તાઓ ઉપર સેન્ટર LED લાઈટીંગ સિસ્ટમનું

અંદાજીત રૂ.૪૯ લાખના ખર્ચે કામ પૂર્ણ કરાવતા મહાનગરપાલિકાના રોશની સમિતિના ચેરમેન જયાબેન ડાંગર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેરના સર્વાંગી અને સમતોલ વિકાસ તેમજ શહેરીજનોની સુખાકારીના ભાગરૂપે રાત્રીના શહેરના મુખ્ય રસ્તાઓ પર લોકોને વધુ સારી લાઈટની સુવિધા મળી રહે તે ધ્યાને લઇ, રાજકોટ શહેરના જુદા જુદા ૩ વિસ્તારમાં આશરે ૩ કિલોમીટરના રસ્તાઓ પર ૧૩૭ સ્ટ્રીટપોલ તથા ૨૮૩ એલ.ઈ.ડી. સ્ટ્રીટલાઈટ નાખવાનું કામ પૂર્ણ કરાવવામાં આવેલ છે. એલ.ઈ.ડી. સ્ટ્રીટલાઈટ નાખવાથી રાજકોટ મહાનગરપાલિકાને વીજ બીલમાં પણ ઘણો ફાયદો થશે અને આ કામગીરીનું ટૂંક સમયમાં લોકાર્પણ કરવામાં આવશે.

વિશેષમાં, માહિતી આપતા રોશની સમિતિના ચેરમેન જયાબેન હરિભાઈ ડાંગર જણાવે છે કે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના અવિરત સહયોગ અને રાજકોટ મહાનગર પાલિકાના પદાધિકારીઓના સાથ અને માર્ગદર્શન હેઠળ તથા રોશની વિભાગના સહકારના પરિણામ સ્વરૂપે રોશની સમિતિના ચેરમેન દ્વારા રાજકોટ શહેરના તમામ વોર્ડમાં જુદા જુદા પ્રોજેક્ટ્સમાં લાઈટીંગ સંબંધી કામો હાથ ધરવામાં આવેલ છે અને રાજકોટના શહેરીજનોને વધુને વધુ સુવિધા મળી રહે તે હેતુસર શહેરના મુખ્ય રસ્તાઓ પર લોકોને વધુ સારી લાઈટની સુવિધા મળી રહે તે ધ્યાને લઇ, હાલ જૂની હયાત સેન્ટર લાઈટીંગ સિસ્ટમમાં સુધારણા તથા નવીનીકરણ કરવાના ભાગરૂપે જુદા જુદા ૬ રસ્તાઓ પર અંદાજીત રૂ.૭૯ લાખના ખર્ચે ૨૫૪ સ્ટ્રીટપોલ તથા ૫૩૬ એલ.ઈ.ડી. સ્ટ્રીટલાઈટ નાખવાનું કામ ઝડપથી ચાલુ કરવામાં આવેલ છે જે કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે.

ટૂંક સમયમાંજ કરાશે લોકાર્પણ

જુદા જુદા ૩ વિસ્તારમા આશરે ૩ કિલોમીટરના રસ્તાઓ પર ૧૩૭ સ્ટ્રીટપોલ તથા ૨૮૩ એલ.ઈ.ડી. સ્ટ્રીટલાઈટ નાખવાનું કામ પૂર્ણ કરાવવામાં આવેલ છે. જેમાં રૈયાધાર, શાંતિનગર થી સ્માર્ટ સીટી રોડ સાધુ વાસવાણી કુંજ રોડ (ગોહેલ ચોકથી શિવાલય બિલ્ડીંગ) સત્યજીત સોપાન હાઇટ મેઇન રોડ નો સમાવેશ થતો હોવાનું મનપાએ જણાવ્યું હતું.

આટલા કામો ટૂંકમાં જ પૂર્ણ કરાશે

નાના મવા ચોકથી લક્ષ્મીનગર સુધી, નાના મવા મેઈન રોડ, આમ્રપાલી અન્ડરબ્રીજ થી હનુમાન મઢી ચોક, રૈયા રોડ, કાલાવડ રોડ સ્વીમીંગ પૂલ થી મોટા મવા સ્મશાન સુધી સોરઠીયા વાડી સર્કલ થી નંદા હોલ, કોઠારિયા રોડ (જુનો) ગોંડલ રોડ રેલવે ફાટક થી એચ.જે. દોશી હોસ્પિટલ વાળા રોડ સુધી વિજય પ્લોટ -૧૨ થી ભક્તિનગર સ્ટેશન પ્લોટ-૧૦ સુધી, ગોંડલ રોડ

કેન્દ્રનો રિપોર્ટ:દેશભરમાં છેલ્લાં સાડા પાંચ વર્ષમાં ૨.૭૫ લાખ બાળકો ગુમ થયાં, ૩૫ હજારનો કોઈ પત્તો નહીં

લાપતા બાળકોના મામલે મધ્યપ્રદેશ મોખરે, બંગાળ બીજા સ્થાનેઃ દેશમાં ગુનાઓ ઘટ્યા, પરંતુ બાળકો સાથેના ગુનામાં વધારો થયો

નવી દિલ્હી તા.૨૮

છેલ્લાં સાડા પાંચ વર્ષમાં દેશભરમાં ૨ લાખ ૭૫ હજાર ૧૨૫ બાળકો ગુમ થયાં છે. મધ્યપ્રદેશમાંથી સૌથી વધુ બાળકો ગુમ થયાં છે. મધ્યપ્રદેશમાં ગુમ થયેલાં બાળકોની સંખ્યા ૬૧ હજારથી વધુ છે. રાજ્યો પાસેથી મળેલી માહિતીના આધારે કેન્દ્ર દ્વારા તૈયાર કરાયેલા રિપોર્ટમાં આ ખુલાસો થયો છે. સંસદમાં બાળકોના ગુમ થવાના પ્રશ્નના જવાબમાં કેન્દ્ર સરકારે જણાવ્યું કે ગુમ થયેલાં બાળકોમાંથી ૨.૪ લાખ બાળકોને પણ શોધી કઢાયાં છે. દેશભરમાં હજુ પણ ૩૫ હજાર બાળકો ગુમ છે. જે બાળકોનો પત્તો લાગ્યો નથી તેમાં મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળનાં બાળકો વધુ છે. ગુમ થયેલાં બાળકોને શોધવા માટે કેન્દ્ર સરકારની ચાઈલ્ડ હેલ્પલાઈન દેશભરમાં કાર્યરત છે. તલાશી માટે એક ટ્રેક ચાઇલ્ડ પોર્ટલ પણ છે. બીજી ચોંકાવનારી વાત એ છે કે ગુમ થયેલાં બાળકોમાં છોકરીઓની સંખ્યા (૨,૧૨,૮૨૫) છોકરાઓ (૬૨,૨૩૭) કરતાં ૩ ગણી વધારે છે.

ગુમ થયેલાં બાળકોના મામલે પશ્ચિમ બંગાળ બીજા નંબરે છે. અહીં ૪૯ હજારથી વધુ બાળકો લાપતા થયાં છે. રિપોર્ટ અનુસાર, ૭ રાજ્યો મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, કર્ણાટક, ગુજરાત, દિલ્હી અને છત્તીસગઢમાં સૌથી વધુ બાળકો ગુમ થયાં છે. આ તમામ રાજ્યોમાં ગુમ થયેલાં બાળકોની કુલ સંખ્યા ૨ લાખ ૧૪ હજાર ૬૬૪ છે. એટલે કે કુલ ગુમ થયેલાં બાળકોમાંથી ૭૮% બાળકો ફક્ત આ ૭ રાજ્યોમાંથી લાપતા થયાં છે.

એનસીઆરબીના ડેટા અનુસાર, વર્ષ ૨૦૨૦માં દેશમાં ૬૬,૦૧,૨૮૫ ગુના નોંધાયા હતા, જ્યારે ૨૦૨૧માં ૬૦,૯૬,૩૧૦ ગુનાઓ નોંધાયો હતા. એટલે દેશમાં ગુનાઓ ઘટ્યા. ૨૦૨૧માં કુલ ગુનામાં ૮%નો ઘટાડો થયો છે. પરંતુ બાળકો સામેના ગુનાઓમાં ૧૬%નો વધારો થયો છે. ૨૦૨૦માં બાળકો દ્વારા ૧,૨૮,૫૩૧ ગુનાઓ આચરવામાં આવ્યા હતા. ૨૦૨૧માં તે વધીને ૧,૪૯,૪૦૪ થઈ. નોધનીય છે કે મધ્યપ્રદેશમાં બાળકો વિરુદ્ધ સૌથી વધુ ગુનાઓ નોંધાયા છે, આકડાં જોઈએ તો ૧૯,૧૭૩ ગુના નોધાય ચુક્યાં છે.

વર્ષ ૨૦૨૧માં POSCO (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ) એક્ટ હેઠળ દેશમાં ૫૩,૮૭૪ કેસ નોંધાયા હતા. NCRB મુજબ, બાળકો વિરૂધ્ધના ગુનાઓ માટે નોંધાયેલા કેસોમાં દર ત્રીજો ગુનો (૩૬.૦૫%) POCSO એક્ટ હેઠળ નોંધવામાં આવ્યો હતો.

NCRB અનુસાર, ૨૦૨૧માં ૨,૮૩૪ બાળકોની તસ્કરી થઈ હતી. એટલે કે રોજ આઠ બાળકો કામ, ભીખ માંગવા અને યૌનશોષણ માટે અપહરણ કરાય છે. ૨૦૧૮માં આ સંખ્યા ૨,૯૧૪ હતી, જ્યારે ૨૦૧૯માં ૨,૯૧૪ હતી; આ પછી, વર્ષ ૨૦૨૦માં ૨,૨૨૨ બાળકોની તસ્કરી થઈ. બાળકોને સરહદ પાર કરીને ગલ્ફ દેશોમાં તસ્કરી કરવામાં આવે છે.

રાજ્યમાં કંજકટીવાઈટીસનો હાહાકાર, ૯૦ હજારથી વધુ કેસ

૧૦ જુલાઈથી ૨૫ જુલાઈ સુધીમાં ૯૦ હજારથી વધુ કેસઃ અમદાવાદમાં એક દિવસમાં ૧૮૦૦ જેટલા નવા કેસ

ગાંધીનગર તા.૨૮

ગુજરાત રાજ્યમાં કંજકટીવાઈટીસનો હાહાકાર છે. જેમાં ૧૦ જુલાઈથી ૨૫ જુલાઈ સુધીમાં ૯૦ હજારથી વધુ કેસ સામે આવ્યા છે. તેમજ અમદાવાદમાં એક દિવસમાં ૧૮૦૦ જેટલા નવા કેસ છે. એક સમાહમાં અમદાવાદમાં ૩૫૦૦૦થી વધુ કેસ છે. વડોદરામાં ૨૪ કલાકમાં ૮૦૦થી વધુ કેસ છે.જામનગરમાં ૧ મહિનામાં ૨૫૦૦થી વધુ કેસ જામનગરમાં ૧ મહિનામાં ૨૫૦૦થી વધુ કેસ છે. નેત્ર સર્જને જણાવ્યુ છે કે લોકોને સાવચેતી રાખવી જરૂરી છે. દર્દીઓ પોતાની આસપાસ હાઈજેનિંગ રાખે. દર્દી કોરોનાની જેમ એક સ્પેરેટ જગાએ રહે. ડોક્ટરની સલાહ પ્રમાણે દવા લેવી જોઈએ. પ્રિસ્ક્રિપ્શન વગર દવા દેવાનું ટાળો. કપડાં, હાથ રૂમાલ ગરમ પાણીમાં ધોવા. અમુક દવાઓ લાંબા ગાળાએ આડ અસર કરે છે.દરરોજ ૧૦૦ જેટલા કેસો સરકારી હોસ્પિટલમાં નોંધાઈ રહ્યા છે કંજકટીવાઈટીસના દરરોજ ૧૦૦ જેટલા કેસો સરકારી હોસ્પિટલમાં નોંધાઈ રહ્યા છે. હાલ છેલ્લા એક મહિનામાં આ રોગના ૨૫૦૦થી વધુ કેસો જામનગરની જીજી હોસ્પિટલમાં નોંધાયા છે. ઘણા લોકો આ રોગની સારવાર ખાનગી હોસ્પિટલમાં લઈ રહ્યા છે. તેમજ લોકો સાવચેતી રાખે તેવી આરોગ્ય તંત્ર દ્વારા લોકોને અપીલ કરાઈ છે. અમદાવાદ, ભાવનગર સહિત બરોડા જિલ્લામાં કેસો વધુ છે. છેલ્લા બે દિવસમાં મોટા મહાનગરપાલિકા જેવા કે અમદાવાદ, ભાવનગર અને બરોડા જિલ્લામાં ૮ હજાર જેટલા કેસો સામે આવ્યા છે. ડોકટરની સલાહ વગર દવા લેવાનું ટાળો તથા અમુક આંખના ટીપામાં સ્ટીરોઇડ આવે છે જે આડ અસર કરે છે.ચશ્માનું વેચાણ

વધ્યું કંજકટીવાઈટીસ એટલે કે અંખિયા મિલાકેમાં ચશ્મા પહેરવાની સલાહ અપાતી હોય છે. હાલમાં સંખેડામાં કંજકટીવાઈટીસે પગ પેસારો કરેલો હોવાથી ચશ્માનું વેચાણ વધી ગયું છે. રોજના સરેરાશ એક-બે ચશ્માનું વેચાણ થતું હતું એની સામે ૧૦ ચશ્માનું વેચાણ થઈ રહ્યું છે.

ખાનગી દવાખાનામાં પણ અખિયા મિલાકેના રોગ જોવા મળ્યાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના સૂત્રોના જણાવ્યાનુસાર તા. ૨૦ના રોજ જિલ્લામાં અંખિયા મિલાકેના ૭૪, તા.૨૧ના રોજ ૧૫૪ અને તા.૨૨ના રોજ ૧૩૮ કેસ નોંધાયા છે. આતો આરોગ્ય ખાતાનો સત્તાવાર આંકડો છે. આ સિવાય ખાનગી દવાખાનાઓમાં પણ અંખિયા મિલાકેના કેસ જોવા મળી રહ્યા છે.

છોટાઉદેપુર જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના સૂત્રોના જણાવ્યાનુસાર તા. ૨૦ના રોજ જિલ્લામાં અંખિયા મિલાકેના ૭૪, તા.૨૧ના રોજ ૧૫૪ અને તા.૨૨ના રોજ ૧૩૮ કેસ નોંધાયા છે. આતો આરોગ્ય ખાતાનો સત્તાવાર આંકડો છે. આ સિવાય ખાનગી દવાખાનાઓમાં પણ અંખિયા મિલાકેના કેસ જોવા મળી રહ્યા છે.

સંખેડા રેફરલ હોસ્પિટલના અધિક્ષક ડો. રાજીવનયને જણાવ્યું હતું કેઆ વાઇરલ બીમારી છે. જેમાં બિન જરૂરી બહાર ન નીકળવું. આંખ ઉપર કાળા ચશ્મા પહેરવા. વારંવાર હાથ ધોવા. સોશિયલ ડિસ્ટન્સ જાળવવું. ભીડભાળ વળી જગ્યાએ બહાર ન જવું.કંજકટીવાઈટીસ એટલે કે અંખિયા મિલાકેમાં ચશ્મા પહેરવાની સલાહ અપાતી હોય છે. હાલમાં સંખેડામાં કંજકટીવાઈટીસે પગ પેસારો કરેલો હોવાથી ચશ્માનું વેચાણ વધી ગયું છે. રોજના સરેરાશ એક-બે ચશ્માનું વેચાણ થતું હતું એની સામે ૧૦ ચશ્માનું વેચાણ થઈ રહ્યું છે.કેટલીક શાળાઓ દ્વારા વિદ્યાર્થીને વાઇરલ આંખનો ચેપી રોગ (કંજકટીવાઈટીસ)નું ઈન્ફેક્શન હોય તો અન્ય બાળકને આ વાઇરલ ઈન્ફેક્શન ન થાય તે માટે આંખો સારી ન થાય ત્યાં સુધી શાળાએ ન

મનોરંજનથી માહિતી સુધી ઉપયોગ

ગુજરાતની ૭ કરોડની વસતિમાં ૬.૫૩ કરોડ મોબાઈલ યુઝર્સ

સમગ્ર દેશમાં ૧૩૫ કરોડથી વધુ ગ્રાહકો, ગામડાંથી મેટ્રો શહેર સુધી મોબાઈલનો ક્રેઝ, મનોરંજનથી માહિતી સુધી ઉપયોગ

અમદાવાદ તા.૨૮

ગુજરાતમાં મોબાઈલ ફોન માટેનો ક્રેઝ કેવો છે તેની સાબિતી એ છે કે રાજ્યની ૭ કરોડથી વધુ વસતિમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા ગ્રાહકોની સંખ્યા પણ ૬.૫૩ કરોડ નોંધાઇ છે. તેમાંથી અનેક ગ્રાહકો ડબલ સીમના મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હોવા છતાં રાજ્યમાં મોબાઈલ ફોનનો લગભગ તમામ પરિવારમાં મોટાભાગના પુખ્ત વયના લોકો ઉપયોગ કરતા થઇ ગયા છે. ભાવનગરના સાંસદ ભારતીબેન શિયાળ અને શંકર લાલવાણી દ્વારા લોકસભામાં રાજ્ય દીઠ ટુ-જીથી લઇને ફાઇવ-જીનો ઉપયોગ કરતા હોય તેવા ગ્રાહકો અને કઇ કંપનીના નેટવર્ક (વાયરલેસ સબસ્ક્રાઇબર)નો ઉપયોગ કરે છે તે અંગેના સવાલમાં કેન્દ્ર સરકારના કોમ્યુનિકેશન-માહિતી સંચાર વિભાગ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. જેમાં મે-૨૦૨૩ સુધીમાં ટ્રાઇ (ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા)ના આંકડા મુજબ સૌથી વધુ મોબાઇલ ફોન ગ્રાહકો રિલાયન્સ જીઓ કંપનીના ૨,૭૫,૫૭,૫૭૪ છે. તે પછી વોડાફોન આઇડિયાના ૨,૧૬,૦૬,૯૭૯ ગ્રાહકો, ભારતી એરટેલના ૧,૧૧,૫૫,૨૫૮, બીએસએનએલના ૫૦,૦૯,૨૨૩ અને આરસીએલના ૪૭ ગ્રાહકોનો સમાવેશ થાય છે. રાજ્યની વસતિ ૨૦૨૩ મુજબ અંદાજે ૭.૧૪ કરોડ જેટલી છે. તેની સામે મે મહિના સુધી ૬,૫૩,૨૯,૦૮૧ ગ્રાહકો નોંધાયા છે. જે રાજ્યમાં મોટી સંખ્યામાં મોબાઇલ ફોનનો ઉપયોગ થઇ રહ્યો છે તે દર્શાવે છે. મોબાઇલમાં ફોરજી અને ફાઇવ-જી સર્વિસ આવ્યા પછી મોબાઇલની સંખ્યામાં મોટો વધારો નોંધાયો છે. સમગ્ર દેશમાં મોબાઇલ ફોનનો ઉપયોગ કરતા ગ્રાહકોની સંખ્યા ૧૩૫ કરોડ કરતા પણ વધુ છે. જેમાં મહારાષ્ટ્રમાં મોબાઇલ વાપરતા ગ્રાહકોની સંખ્યા લગભગ ૧૬ કરોડ, ઉત્તરપ્રદેશમાં ૧૫ કરોડ,પશ્ચિમ બંગાળમાં ૭.૬ કરોડ કરતા પણ વધુ છે. મોબાઇલ નેટવર્ક કંપનીમાં દેશમાં સૌથી રિલાયન્સ જીઓના ગ્રાહકોની સંખ્યા ૪૩.૬૩ કરોડની સંખ્યા નોંધાઇ છે. તે પછી અન્ય કંપનીઓ છે. ગુજરાતમાં મહાનગરોથી લઇને ગામડાં સુધી મોબાઇલ ફોન વાપરવાનો ક્રેઝ વધી રહ્યો છે. માહિતી મેળવવાથી લઇને મનોરંજન અને કોમ્યુનિકેશનથી લઇને ઓફિસના કામકાજ માટે આજની તારીખે મોબાઇલ ફોન અનિવાર્ય હોય તેવી સ્થિતિ છે. ઘરના વિવિધ બીલ ભરવા માટે કે રેલવેના બુકિંગ સહિતના અનેક કામકાજ મોબાઇલ ફોન થકી થતા હોવાથી તેનો વપરાશ વધ્યો છે. અનેક લોકો માટે મોબાઇલ ફોન ઓનલાઇન ઓફિસ સમાન બની ગયો છે.

શહેર ભાજપ કોષાધ્યક્ષ અને પંચનાથ હોસ્પિટલનાં માનદ્‌મંત્રી મયુરભાઈ શાહનો આજે જન્મદિવસ

રાજકોટઃ રાજકોટમાં ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવાતા ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવ સમિતિના સદસ્ય, શ્રી પંચનાથ સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટના માનદમંત્રી અને જાણીતા જૈન શ્રેષ્ઠી અને જીવદયા પ્રેમી મયુરભાઇ શાહનો આજે જન્મદિવસ છે. જીવનમાં હંમેશા પરગજુ પ્રવૃતિ અને સાધુ-સંતોની વૈયાવચ્ચમાં અગ્રેસર અને મિલનસાર સ્વભાવનાં મયુરભાઇનાં જન્મદિવસે રાષ્ટ્ર સંત પૂ.નમ્રમુનિ મહારાજ સાહેબ , પૂ.શ્રી નયનપદ્મસાગર સુરીશ્વરજી મ.સા. તેમજ પૂ.પારસમુનિ મહારાજ સાહેબ અને પરમ શ્રદ્ધેય પ.પૂ.ધીરજમુની મહારાજ સાહેબએ આશિર્વાદ પાઠવ્યા છે.પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને અંજલીબેન રૂપાણી, ગુજરાત રાજ્ય સરકારનાં કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ, ઉદયભાઇ કાનગડ તથા સાંસદ મોહનભાઈ કુંડારીયા, કર્ણાટક રાજ્યનાં પૂર્વ

રાજ્યપાલ વજુભાઈ વાળા, રાજ્યસભાનાં સાંસદ રામભાઈ મોકરીયા, મેયર પ્રદીપભાઈ ડવ , શહેર ભાજપ અધ્યક્ષ મુકેશભાઇ દોશી, ધનસુખભાઈ ભંડેરી -પૂર્વ ચેરમેન મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ-ગાંધીનગર, પૂર્વ પ્રમુખ નિતિનભાઈ ભારદ્વાજ અને સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, જૈન શ્રેષ્ઠી જીતુભાઈ કોઠારી, ભાજપ અગ્રણી નરેન્દ્રસિંહ ઠાકુર , દેવાંગ માંકડ : પ્રમુખઃ પંચનાથ હોસ્પિટલ-રાજકોટ, જૈન શ્રેષ્ઠી ચંદ્રકાંતભાઈ શેઠ, જીતુભાઈ મારવાડી, જીતુભાઈ બેનાણી, હરેશભાઈ વોરા, નિતિનભાઈ કામદાર, દિનેશભાઈ પારેખ, મેહુલ દામાણી, સેજલ કોઠારી, જયેશ વસા, સુજીત ઉદાણી, ગોવિંદભાઈ કાનગડ સહીતનાં અનેક મહાનુભાવો ઉપરાંત મયુરભાઈનાં જમાઈ અનિક શેઠ લાડકી દિકરીઓ કિંજલ અને રાજવીએ શુભેચ્છા પાઠવી છે.મયુરભાઈ શાહ તાજેતરમાં જ કાર્યરત બનેલ શ્રી પંચનાથ હોસ્પિટલમાં ટ્રસ્ટી તરીકે બેનમુન સેવા આપી ચુકેલ છે, શરૂઆતથી જ હોસ્પિટલ માટે કરોડો રૂપિયાનું દાન એકત્ર કરી સેવાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરૂ પાડેલ છે, હાલમાં તેઓ પંચનાથ હોસ્પિટલમાં માનદ્‌મંત્રીની જવાબદારી વહન કરી રહેલ છે, કોરોના મહામારી દરમ્યાન હાલમાં મયુરભાઈ શાહએ હોસ્પિટલનાં ઓકસીઝનનાં પ્લાન્ટ માટે ૧ કરોડથી પણ વધુ રકમ એકત્ર કરવામાં નિર્મિત બનેલ.મયુરભાઇ શાહને મોબાઈલ : ૯૩૭૪૧ ૦૦૦૭૫, ૯૪૨૮૨ ૦૦૦૭૫ ઉપર અનરાધાર વર્ષા થઇ રહી છે.

કૃષિ વીજ જોડાણમાં સ્વૈચ્છિક જાહેરાત યોજના ૩ માસ લંબાવાઈ

સરકારી વીજ કંપનીઓમાં ૩૧મી ઓગસ્ટ સુધી અરજી થશે

ગાંધીનગર તા.૨૮

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની ચાર ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ દ્વારા કૃષિ વીજ જોડાણમાં સ્વૈચ્છિક જાહેરાત યોજના ૩ માસ લંબાવાઇ છે. હવે ખેડૂતો ૩૧મી ઓગસ્ટ સુધી આ યોજનાનો લાભ લેવા માટે અરજી કરી શકશે. કૃષિ વીજ જોડાણમાં વધારાનો વીજ ભાર નિયમિત કરવા માટે ખેડૂતોએ વીજ કંપનીનું બાકી લેણું પુરેપુરૂ ભરપાઇ કરવું પડશે. આ ઉપરાંત જો કોઈ કોર્ટ કેસ ચાલતો હોય તો તે પાછો ખેંચવો પડશે. ભૂતકાળમાં આખરી થઇ ગયેલા કેસોનો સમાવેશ આ યોજનામાં થશે નહિ.જો કરારીત વીજ ભાર કરતાં વધુ વીજ ભાર ખેડૂતોના વીજ જોડાણમાં હોય અને તે નિયમિત કરાવવા ઇચ્છતા હોય તેવા કિસ્સામાં પ્રવર્તમાન ધારા ધોરણો મુજબ ખેડૂતોને એસ્ટિમેટ અપાશે.જેમાં તફાવતના ફિક્સ સર્વિસ કનેકશન ચાર્જમાંથી મુક્તિ આપવામાં આવશે.જે ખેડૂતોને તેમના કૃષિ જોડાણનો વાસ્તવિક ભાર ખબર નથી તેઓ પણ વીજ ભારની ચકાસણી કરાવી શકશે. જેમાં ચકાસણી થયેલી મોટરની જગ્યાએ કરારીત લોડ મુજબની મોટર મુકવી પડશે.

ગુજરાતનું બાકી દેણુ રૂ.૪.૨૩ લાખ કરોડ

સંસદમાં રાજયોના દેણાનો રિપોર્ટ જાહેરઃ સાત રાજયોનું દેવુ ગુજરાતથી પણ વધુ

અમદાવાદ,તા.૨૮

વિકસીત અને સમૃદ્ધ ગુજરાત પર બાકી દેણાનો પણ મોટો ભાર છે. સંસદમાં વિવિધ રાજયોનાં બાકી દેણા વિશે અપાયેલી માહીતી પ્રમાણે માર્ચ ૨૦૨૩ ની સ્થિતિએ ગુજરાતનું દેવુ ૪.૨૭ લાખ કરોડનુ હતું ગુજરાતથી પણ બીજા સાત રાજયનું દેણુ વધુ હોવાનું જાહેર થયુ છે.

લોકસભાનાં સાંસદ દ્વારા લેખીત પ્રશ્નના રાજયોના બાકી દેણા વિશે જવાબ માંગવામાં આવ્યો હતો. નાબાર્ડ દ્વારા રાજયોને અપાયેલા ધીરાણની પણ વિગતો માંગવામાં આવી હતી. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાનાં રીપોર્ટને ટાંકીને નાણાંપ્રધાન નિર્મલા સિતારમને આમ કહ્યું કે બજેટ અંદાજ પ્રમાણે ગુજરાતની બાકી દેણુ ૪.૨૨,૭૧૧ કરોડ છે.

તામીલનાડુનુ બાકી દેવુ ૭.૫૩ લાખ કરોડ, ઉતર પ્રદેશનું ૭.૧૦ લાખ કરોડ, મહારાષ્ટ્રનું ૬.૮૦ લાખ કરોડ, પશ્ચિમ બંગાળનુ ૬.૦૪ લાખ કરોડ, રાજસ્થાનનું ૫.૩૭ લાખ કરોડ, કર્ણાટકનું ૫.૩૫ લાખ કરોડ તથા આંધ્રપ્રદેશનું ૪.૪૨ લાખ કરોડ છે જે ગુજરાતથી વધુ છે.

ગુજરાત સરકારે ગત સમાહમાં એવો દાવો કર્યો હતો કે, સરકારે નાણાંકીય લક્ષ્યો સિધ્ધ કરી લીધા છે. અને નીતિ આયોગે પણ નાણાંકીય સંચાલનની સરાહના કરી છે. છેલ્લા ૧૫ વર્ષથી સરકાર પુરાંત દર્શાવતું બજેટ પેશ કરે છે અને રાજકોષિય ખાધ ૧.૧૬ ટકાથી પણ ઓછી છે. રાજયનાં દેણામાં છેલ્લા પાંચ વર્ષમાં અંદાજીત ૫૦ ટકાનો વધારો થયો છે. ૨૦૧૮-૧૯ માં તે ૨.૯૮ લાખ કરોડ હતું જે હવે ૪.૨૩ લાખ કરોડે પહોંચ્યુ છે.

નાબાર્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ સહાય હેઠળ ૨૦૨૨-૨૩ માં ગુજરાતનો ૩૮૭.૭૫ કરોડ ફાળવવામાં આવ્યા હતા. સહકારી દુધ સંઘો, લાંબા ગાળાની સિંચાઈ યોજના વગેરે માટે પણ ભંડોળ ફાળવવામાં આવ્યા હતા.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફકત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

વડાપ્રધાનના હસ્તે થયેલા લોકાર્પણ પ્રસંગે જાહેર સભામાં

ભાજપ લીગલ સેલ રાજકોટના વકીલો બહોળી સંખ્યામાં રહ્યા હાજર

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૨૮

લોક લાડીલા અને વિશ્વ સ્વીકૃત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સમગ સારાષ્ટ્રને મોટી ભેટ સમા હિરાસર મુકામે વૈશ્વીક કક્ષાના રાજકોટ ગ્રીન ફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાર્પણ નર્મદાના નિર ઘરે ઘરે પહોંચાડવાના સ્વપનને સાકાર કરતી સાની યોજના લિંક-૩ પેકેજ ૮ અને ૯ નું લોકાર્પણ તેમજ રાજકોટ શહેરના હાર્દસમા કે.કે.વી ચોક, કાલાવડ રોડ ઉપર પ્રથમ મલ્ટીલેવલ ઓવરબ્રિજ સહીત ૨૦૩૩ કરોડના લોકાર્પણ પ્રસંગે વડાપધાનની જાહેર સભા રેસકોર્ષ ગ્રાઉન્ડમાં યોજાયેલ આ પ્રસંગે રાજકોટ જીલ્લાના બહોળી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉમટી પડેલ. આ પ્રસંગે ભાજપ લીગલ સેલ, રાજકોટ મહાનગરના સંયોજક અંશ ભારદ્વાજ તથા સહ સંયોજક સી.એચ.પટેલના નેતૃત્વ હેઠળ રજા ન હોવા છતાં પોતાનો કિંમતી સમય ફાળવી બહોળી સંખ્યામાં વકીલ ભાઈઓ તથા બહેનો હાજર રહેલ. આ પ્રસંગે ભાજપ લીગલ સેલ બહોળી સંખ્યામાં હાજર રહી વડાપ્રધાનના સ્વાગતમાં જોડાયેલ અને તેમના સંબોધનન રસપુર્વક સાંભળી તેમની વિકાસયાત્રામાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે ભાજપ લીગલ સેલ રાજકોટ મહાનગરના સંયોજક અશ ભારદ્વાજ તથા સહ સંયોજક સી.એચ.પટેલ, હિતેષભાઈ દવે, ધર્મેશ સખીયા, નિલેશ અગ્રાવત, અજય પીપળીયા, પ્રશાંત લાઠીગ્રા, દિલીપ મહેતા, અતુલ જોષી, સમીર ખીરા, પ્રશાંત પટેલ, અનિલ ગોગીયા, મુકેશ પીપળીયા, કમલેશ ડોડીયા, પરાગ શાહ, બિનલ રવેશીયા, વિજય તોગડીયા, રક્ષિત રૈયાણી, સરજુદાસ દૂધરેજિયા, સી.એમ પટેલ, રસીક સંઘાણી, નિલેશ બાવીશી, મનુભાઈ ગજેરા, સંદીપ પટેલ, શૈલેષ સુચક, અંકિત જોષી, વિષ્ણુ સોજીત્રા, રમેશ ભંડેરી, વિપુલ શિંગાળા, નરેશ પરસાણા, હસમુખ મકવાણા, પરેશ પાદરીયા, વિરેન વ્યાસ, રજની ગજેરા, સુમીત વોરા, નિલેશ પટેલ, પ્રકાશસિંહ ગોહીલ, ભરત બદાણી, મુકેશ પંડયા, અનિલ કાકડીયા, અતુલ દેવડા, આનંદ પરમાર, ધર્મેશ અજાણી, નિતીન શિંગાળા, વિજય દવે, રાકેશ કોઠીયા, જીતેન્દ્ર ગોસ્વામી, વિક્રમ ગોંડલીયા, વિપુલ પટેલ, જયસુખ બારોટ, દિલસુખ રાઠોડ,

મુકેશ ત્રાંબડીયા, ધર્મેશ પરમાર, નંદકિશોર પાનોલા, નૈમીષ પટેલ, કૃણાલ દવે, ધવલ સુદાણી, જીતેન્દ્ર પારેખ, રાજેશ પરસાણા, જીજ્ઞેશ દેસાઈ, મહેશ ચાવડા, વિમલ ડાંગર, તુષાર સોંડાગર, હસમુખ કલકાણી, કીરીટ ચોવટીયા, પિયુષ સખીયા, રાજેશ નસીત, મહેશ્વરીબેન ચૌહાણ, નયનાબેન ચૌહાણ, નિશા લુણાગરીયા, પ્રગતી માકડીયા, બીનીતા શાહ, બીનીતા ખાંટ, પન્નાબેન ભુત, દક્ષા બોખાણી, મોહીની ચાવડા, હિરલ જોષી, શિતલ મારકણા, લક્ષ્મી વાઢેર, એકતા સગપરીયા, રેખા હરખાણી, સીમા કાટકર, બીનલ રવેશીયા, યાસ્મીન શેખ વીગેરે સહીત ૪૦ થી વધુ બહોળી સંખ્યામાં હાજર રહેલ. આ પ્રસંગે વકીલો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ પસંગને દીપી ઉઠાવેલ તે બદલ તમામ વકીલ ભાઈઓ તથા બહેનોનો ભાજપ લીગલ સેલ, રાજકોટ મહાનગરના સંયોજક અંશ ભારદ્વાજ તથા સહ સંયોજક સી.એચ.પટેલ તથા સમગ્ર ભાજપ લીગલ સેલ ટીમ સર્વેનો આભાર વ્યકત કરે છે.તેમ જણાવ્યું છે.

હિંગોળગઢનું નયનરમ્ય દ્રશ્ય કેમેરામાં થયું કેદ !

તસવીરઃ પંકજ ડાભી

(કશ્યપ જોશી દ્વારા) રાજકોટઃ આ વર્ષે વ્યાપક વરસાદથી ચારે બાજુ લીલોતરી છવાઈ ગઈ છે. કુદરતે પણ પ્રકૃતિની જાણે ભેટ આપી હોય તેમ ચોતરફ હરિયાળી દેખાઈ રહી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં હજુ વાડી-ખેતર અને જંગલ વિસ્તારો હોવાથી અહી વધુ હરિયાળી દેખાય છે. તેવી જ રીતે સૌરાષ્ટ્ર - ગુજરાતમાં આવેલા જોવાલાયક વનીકરણના સ્થળો પર હરિયાળીનો અનેરો નજારો જોવા મળે છે. આવી જ વાત જસદણ પંથકના હિંગોળગઢએ સાબિત કરી છે. કેમેરાના કસબીએ હિંગોળગઢનું આહ્લાદક દ્રશ્ય કેમેરામાં કેદ કર્યું અને જેઓએ જોયું તેઓના મુખમાંથી એક જ ઉદ્ગાર નીકળ્યો હતો, વાહ, કુદરત તારી કમાલ, તું ધારે તો ગમે ત્યાં સૂકારો, અને ગમે ત્યાં નયનરમ્ય હરિયાળી બિછાવી દે છે અત્રે એ નોંધનીય છે કે હિંગોળગઢ કિલ્લો જસદણ દરબાર શ્રી વાજસૂર ખાચરે બનાવ્યો હતો. જે ખરેખર અદભુત અને જોવા લાયક છે. કહેવાય છે કે કાઠિયાવાડમાં હિંગોળગઢ ને બાદ કરતા આવા બીજા પાંચ કિલ્લા બનેલા છે. તેમાં એક ગોંડલ સ્ટેટમાં આવેલ અનળગઢનો કિલ્લો, બીજો ખીરસરાનો, ત્રીજો રાજપરાનો, ચોથો બરડાના ધક્કામાં મોડપરનો કિલ્લો, તથા પાંચમો કિલ્લો એટલે ભિમોરાનો ગઢ પરંતુ આ બધામાં હિંગોળગઢનો કિલ્લો એક જ એવો છે કે જે આજની તારીખમાં અડીખમ ઊભો છે, તેની એક કાંકરી પણ ખરી નથી આવું સચોટ બાંધકામ કરવામાં આવેલું છે. રાજકોટ જિલ્લાના જસદણ ગામથી વિંછીયા તરફ જતાં હો તો સામે રસ્તામાં ઊંચા ટેકરા પર એક ગઢ દેખાશે. આ ગઢ એટલે હિંગોળગઢ, આ નયનરમ્ય ગઢની એક વખત લેવા જેવી છે.

સૌરાષ્ટ્રમાં ૩૬૪૭૫૦૦ હેકટરમાં વાવેતર : વરાપ નીકળતા 'નિંદામણ'

અતિ ભારે વરસાદ સિવાઇના વિસ્તારોમાં સોળઆની આશા ઉગી : દવા છાંટવાનું - ખાતર નાખવાનું કામ પુરજોશમાં

(એજન્સી સમાચાર) રાજકોટ તા. ૨૮ :

ગુજરાતના લગભગ બધા જ વિસ્તારોમાં જુન - જુલાઇમાં મેઘ મહેર થઇ જતા ચોમાસુ પાક સારો થવાની ખેડૂતોને આશા જાગી છે. અમુક વિસ્તારોમાં અતિભારે વરસાદના કારણે વાવણી નિષ્ફળ ગઇ છે અને ખેતરો ધોવાઇ ગયા છે તે સિવાઇના વિસ્તારોમાં ખેતીનું ચિત્ર આજની સ્થિતિએ ઉજ્જવળ છે. સૌરાષ્ટ્રમાં ખરીફ પાક તરીકે મુખ્યત્વે કપાસ અને મગફળી છે. આ વખતે ૩ દિવસ પહેલાની સ્થિતિએ સત્તાવાર આંકડા મુજબ ૩૬૪૭૫૦૦ હેકટરમાં વાવેતર થયું છે. કપાસનું સૌથી વધુ ૩૭૬૧૦૦ હેકટરમાં સુરેન્દ્રનગર જિલ્લામાં અને મગફળીનું સૌથી વધુ ૨૦૮૫૦૦ હેકટરમાં ગિર સોમનાથ જિલ્લામાં વાવેતર નોંધાયું છે. રાજકોટ જિલ્લામાં મગફળીનું ૨૨૬૧૦૦ હેકટરમાં અને કપાસનું ૨૪૪૮૦૦ હેકટરમાં વાવેતર

થયું છે. મગફળીનું સૌથી ઓછું ૬૩૦૦ હેકટરમાં બોટાદ જિલ્લામાં વાવેતર છે. કપાસનું સૌથી ઓછું ૯૩૦૦ હેકટરમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાવેતર થયું છે.સૌરાષ્ટ્રમાં મગફળીનું કુલ વાવેતર ૧૨૫૯૪૦૦ હેકટરમાં કરવામાં આવ્યું છે. કપાસ ૧૮૮૮૦૦૦ હેકટરમાં વાવવામાં આવ્યો છે. સોયાબીન ૧૩૩૨૦૦ હેકટરમાં અને દિવેલા ૨૪૪૦૦ હેકટરમાં વાવવામાં આવ્યા છે. ઉપરાંત તુવેર, અડદ, તલ, શાકભાજી, ઘાસચારો વગેરે અમૂક પ્રમાણમાં વાવવામાં આવેલ છે.જમીનની તાસીર, ફળદ્રુપતા, વરસાદી વાતાવરણ વગેરે બાબતો ધ્યાને રાખીને ખેડૂતો વાવેતરની પસંદગી કરતા હોય છે. સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં વરાપ નીકળતા ખેતરોમાં ઉગી નીકળેલ વધારાના ખળ કાપવાનું (નિંદામણ) શરૂ કરવામાં આવ્યું છે. ઉપરાંત દવા છાંટવાનું અને ખાતર નાખવાનું કાર્ય પણ ચાલુ છે.

તાવ-શરદી-ઉધરસના દર્દીઓનો દવાખાનાઓમાં ધસારો

રાજકોટમાં પણ કોલેરાએ દેખા દેતા તંત્ર એલર્ટ: ૪૬ ઘરનો સર્વે કરાયો

બાંધકામ સાઈટ અને સ્લમ એરિયામાં આરોગ્ય વિભાગની ટીમો દોડી

રાજકોટ.તા.૨૮

રાજકોટ શહેરમાં વાદળછાયુ વાતાવરણ અને વરસાદી પાણીના કારણે ડેંગ્યુ-મેલેરિયાના કેસમાં ઉછાળો જોવા મળ્યો છે. મચ્છરજન્ય રોગચાળો દિવસે દિવસે બેકાબુ બની રહ્યો છે. પરંતુ પાણીજન્ય રોગચાળામાં સામાન્ય ઝાળાઉલ્ટીના કેસ આજ સુધી આવતા હતા. તેમાં હવે કોલેરાએ પગપેસારો કરતા તંત્ર હરકતમાં આવી ગયું છે. શહેરની બાંધકામ સાઈટ ઉપર કોલેરાના એક કેસ નોંધાતા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. પાણીજન્ય રોગચાળામાં ઝાળા-ઉલ્ટીના કેસમાંથી હવે કોલેરાએ સ્વરૂપ પકડતા પાણીજન્ય રોગચાળો વકર્યો હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું હતું. ઘણા સમય બાદ કાલાવડ રોડ ઉપર બાંધકામ સાઈટ ઉપર ૪૫ વર્ષિય પુરુષને લક્ષણો દેખાયા બાદ થોડાક કલાકમાં જ કિડની ઉપર સોજો આવતા બેશુધ્ધ બની ગયો હતો. કોલેરા ગ્રસ્ત યુવકને તાત્કાલીક ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા હાલ તેની તબિયત સુધારા ઉપર હોવાનું જાણવા મળેલ છે.

રાજકોટ શહેરમાં ઘણા સમય બાદ કોલેરા દેખાતા તંત્ર હરકતમાં આવ્યું છે. જે પાણી બાંધકામ સાઈટ પર વાપરવાનું હતું તેનો ઉપયોગ દર્દીએ પીવામાં કરતા સ્થિતિ બગડી હોવાનું ધ્યાને આવ્યું હતું. દર્દી સિવાય બીજા બે સાથીમાં પણ લક્ષણો જોવા મળતા તંત્ર હરકતમાં આવ્યું છે. આ અસર કોલેરામાં જોવા મળે છે બીજી તરફ કોલેરા હવે લગભગ નાબૂદી પર છે આમ છતાં શંકાને આધારે રિપોર્ટ કરાતા કોલેરાનું નિદાન થયું છે. કોલેરાના કેસમાં વધારો થતા મનપાના આરોગ્ય અધિકારી ડો. જયેશ વંકાણીએ જણાવ્યું હતું કે, દર્દી કાલાવડ રોડ પર મોટામવાવિસ્તારમાં આવેલી બાંધકામ સાઈટ પર મજૂરી કરે છે. સાઈટ પર ઉપયોગ કરવા માટે અલગ અલગ ટેન્કરથી પાણી પહોંચાડાય છે અને તે પાણીનો ઉપયોગ દર્દીએ કરતા તબિયત બગડી છે. માહિતી મળતા ટીમ સ્થળ તપાસ કરવા ગઈ હતી. જ્યાં દર્દીની સાથે રહેતા અન્ય બે યુવાનમાં પણ લક્ષણો જોવા મળ્યા છે જેની તપાસ ચાલી રહી છે.આરોગ્ય વિભાગ દ્વારા હાલ ડોર ટુ ડોર આરોગ્યલક્ષી કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને ડેંગ્યુ-મેલેરિયા અને ચિકનગુનિયા ઉપરાંત વરસાદી પાણીના કારણે થતા કોલેરાના રોગચાળા વિરુદ્ધ ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. તેમજ ઝાડા ઉલ્ટીના કેસમાં તુરંત મહાનગરપાલિકાના આરોગ્ય કેન્દ્ર અથવા નજીકની હોસ્પિટલે સારવાર લેવા માટે લોકોને આરોગ્ય વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

અંતે બદલીનો ઘાણવો નીકળ્યો

રાજ્યના ૭૦ IPS અધિકારી બદલાયા

રાજકોટના એડિશનલ પોલીસ કમિશનર તરીકે ડિરેક્ટોરેટ ઑફ પ્રોસિક્યુશન વિધિ ચૌધરીની બદલી

રાજકોટ,તા.૨૮

રાજ્યમાં આઈપીએસ અધિકારીઓની બદલી લગભગ વિધાનસભા ચૂંટણી વખતથી ઠેલાતી આવી છે. દર વખતે બદલીઓ થવાની ઘડી નજીક આવી જાય કે તુરંત જ તેમાં કોઈ ફેરફાર થવાને કારણે બ્રેક લાગી જતી હતી. દરમિયાન ગઈકાલથી વડાપ્રધાન સૌરાષ્ટ્ર-ગુજરાતના પ્રવાસે છે ત્યારે કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે તેમના પ્રવાસ વખતે જ ૭૦ જેટલા આઈપીએસ અધિકારીઓની બદલીનો ઘાણવો નીકળી જશે.

ગૃહ વિભાગ દ્વારા ગત સાંજે પોલીસ તંત્રમાં મોટાપાયે ફેરફાર કરીને ૭૦ જેટલા આઈપીએસ અધિકારીઓની બદલી જાહેર કરવામાં આવી છે. બદલીઓમાં સૌરાષ્ટ્રની વાત કરવામાં આવે તો પોરબંદર, જૂનાગઢ, ભાવનગર અને સુરેન્દ્રનગરને નવા પોલીસ વડા મળ્યા છે તો અમદાવાદમાં ત્રણ મહિના બાદ કાયમી પોલીસ કમિશનર મુકાયા છે. બીજી બાજુ આઈબી વડા અનુપમસિંઘ ગેહલોતને ફરી વડોદરાના પોલીસ કમિશનરની જવાબદારી સોંપવામાં આવી છે તો વડોદરાના સીપી શમશેરસિંઘને કાયદો-વ્યવસ્થા વિભાગના ડીજી બનાવવામાં આવ્યા છે.

અમદાવાદના પોલીસ કમિશનર તરીકે દિલ્હી ડેપ્યુટેશન પર રહેલા બીએસએફના વડા જ્ઞાનેન્દ્રસિંઘ મલિકને મુકવામાં આવ્યા છે. જ્યારે મોસ્ટ સીનિયર અધિકારી નરસિમ્હા કોમારને કાયદો-વ્યવસ્થાના ડીજીમાંથી બદલી આપી પોલીસ વહીવટી તંત્રના એડિશનલ ડીજી બનાવવામાં આવ્યા છે. આવી જ રીતે સ્ટેટ મોનિટરિંગ સેલના એડિશનલ ડીજી તેમજ ડિરેક્ટર સિવિલ ડિફેન્સના નિરજા ગોટરુને એડિશનલ ડીજી-પોલીસ ટ્રેનિંગ તરીકે બદલી અપાઈ છે. સૌરાષ્ટ્રમાં થયેલી બદલીઓની વાત કરવામાં આવે તો સુરેન્દ્રનગરના એસપી હરેશ દૂધાતને આઈબીના એસપી તરીકે બદલી અપાઈ છે તો તેમના સ્થાને સીઆઈડી ક્રાઈમના એસપી જી.એ.પંડ્યાને મુકવામાં આવ્યો છે. આવી જ રીતે જૂનાગઢના એસપી વાસમશેટ્ટી રવિતેજાની ગાંધીનગર એસપી તરીકે બદલી કરીને તેમના સ્થાને સુરતના ડીસીપી હર્ષદ મહેતા મુકવામાં આવ્યા છે.

જ્યારે પોરબંદરના એસપી રવિમોહન સૈની અમદાવાદના ડીસીપી બન્યા તો તેમની જગ્યાએ અમદાવાદના ડીસીપી ભગીરથસિંહ જાડેજા અને ભાવનગરના એસપી ડો.રવીન્દ્ર પટેલની પાટણ બદલી, તેમની જગ્યાએ એમટી એસપી-ગાંધીનગરના ડો.હર્ષદકુમાર પટેલની બદલી કરવામાં આવી છે. જ્યારે રાજકોટમાં અંદાજે ત્રણેક મહિનાથી ખાલી પડેલી એડિશનલ પોલીસ કમિશનરની ખાલી પડેલી જગ્યા ઉપર ડિરેક્ટોરેટ ઑફ પ્રોસિક્યુશન વિધિ ચૌધરીને મુકવામાં આવ્યા છે.

કે.કે.વી. ચોક બ્રિજ સાંજે જ ખૂલ્લો મુકાયો રાત્રે રોશનીનો ઝળહળાટ જોવા જેવો

તસવીરઃદિલીપ ગોહેલ

રાજકોટ : શહેરના કાલાવડ રોડ પર કે.કે.વી. ચોકમાં ૧૫૦ ફુટ રીંગ રોડના બ્રિજની ઉપર બીજો રીંગ રોડ બનાવાયો છે તે કોટેચા ચોક નજીકથી શરૂ થઈ આત્મીય કોલેજ નજીક પૂરો થાય છે. ૧૨૯.૫૩ કરોડના ખર્ચે બનાવાયેલ. આ બ્રિજનું ગુરૂવારે સાંજે ૪ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદઘાટન થયા પછી સાંજે જ વાહનોની અવરજવર માટે ખૂલ્લો મૂકી દેવામાં આવ્યો હતો. ઉદઘાટન નિમિતે આખા પુલ પર તિરંગી રોશની કરવામાં આવી છે. નવો પુલ અને રોશનીનો ઝળહળાટ જોવા રાત્રે રાજકોટવાસીઓ ઉમટી પડ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કે.કે. ચોકમાં મધ્યમાંથી ૧૫ મીટરની બ્રિજની કુલ ઉંચાઈ છે એટલે કે જમીનથી આ બ્રિજનો સેન્ટ્રલ સ્પાનમાં ૫૦ ફુટ ઉંચો છે. સેન્ટર સ્પાનમાં ૪૫ મીટરનો સ્ટીલ ગર્ડર ઉભો કરવામાં આવ્યો છે. ફલાય ઓવરબ્રિજની બંને બાજુ ૫.૫૦ મી.થી ૮.૫૦ મી.નો સર્વિસ રોડ, બ્રિજની નીચે ૭૫૦૦ ચો.મી.નું પાર્કિંગ, પેડેસ્ટ્રિયન માટે ફૂટપાથની વ્યવસ્થા, વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર લાઈન તથા સર્વિસ યુટિલીટી ડકટ એ બ્રીજની મુખ્ય વિશેષતાઓ છે.

ધો.૧૦ ની પુરક પરીક્ષાનું ૨૬.૬૫% પરિણામઃ ૪૦૮૮૦ પરીક્ષાર્થીઓ પાસ

વિદ્યાર્થીનીઓએ બાજી મારીઃ ૧૪૭ દિવ્યાંગો ઉતીર્ણઃ વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ તેમજ વોટસએપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પરથી પરિણામ જાણી શકશે

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ-૨૦૨૩ માં લેવાયેલ ધો.૧૦ ની પૂરક પરીક્ષાનું ૨૬.૬૫ ટકા પરીણામ જાહેર કરી દેવામાં આવેલ છે. પરીક્ષાર્થીઓ બોર્ડની વેબસાઈટ WWW.gseb.org પરથી પરિણામ મેળવી શકશે તેમજ વોટસએપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પરથી પરીણામ જાણી શકશે.

ધો.૧૦ ની આ પૂરક પરીક્ષા રાજકોટ સહીત રાજયભરમાં ૧૫૩૩૯૪ પરીક્ષાર્થીઓએ આપી હતી. તેમાંથી ૪૦૮૮૦ પરીક્ષાર્થીઓ પાસ થતાં આ પરીક્ષાનું પરિણામ ૨૬.૬૫ ટકા આવેલ છે.આ

પરીક્ષામાં પણ વિદ્યાર્થીનીઓએ બાજી મારી છે.આ પરીક્ષામાં ડીફરન્ટલી એબલ્ડ વિદ્યાર્થીઓને ૨૦ ટકા પાર્સીંગ ધોરણનો લાભ આપવામાં આવ્યો છે. ૨૦ ટકા પાર્સીંગ ધોરણનો લાભ મેળવી પ્રમાણપત્ર મેળવવાને પાત્ર પરીક્ષાર્થીઓની ૧૪૭ છે. જેમા વિદ્યાર્થીઓનું પ્રમાણ ૨૫.૦૯ ટકા વિદ્યાર્થીનીઓનુ પ્રમાણ ૨૮.૮૮ ટકા છે. સંસ્કૃત પ્રથમમાં કુલ ૩૭ ઉમેદવારો નોંધાયા હતા. જે પૈકી ૩૩ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૨૮ પાસ થયા છે. સ્ટાર્ન્ડ ગણીત વિષયકમાં પૃથ્થક ઉમેદવાર તરીકે ૪૮૧૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૪૫૩૮ ઉમેદવારો હાજર રહ્યા હતા. પરીણામ જાહેર થતાં પાસ થનાર વિદ્યાર્થીઓનાં આગળ અભ્યાસ કરી શકશે. પરીણામ આવ્યા બાદ એક અઠવાડીયામાં વિદ્યાર્થીઓને માર્કશીટ પણ સ્કુલમાંથી આપવામાં આવશે.

અહી એ ઉલ્લેખનીય છે કે, શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષાનું પરીણામ ૨૩.૮૬ ટકા જાહેર કરાયું હતું. જે બાદ હવે ધો.૧૦ ની પુરક પરીક્ષાનું પણ પરીણામ જાહેર કરી દેવાયુ છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.